વગેરે પ્રસંગો ક્યાં ઓછા નજરે પડે છે? દ્વેષ સમ્બન્ધો બંધ પડી જાય છે અને પછી કોઇ સમયે તેને બદલે કુદરતી રીતે દ્વેષનો મોટો પેલા માણસમાં પશ્ચાત્તાપ વગેરે વિકારો ઉભરાય છે ત્યારે પણ એક બીજાનો દ્વેષ કરનાર તથા જેના પ્રતિ દ્વેષ કરવામાં આવ્યો હોય તેનો સમ્બન્ધ જારી રહે છે કેમકે સામસામાના મનમાં—ચેતનામાં એક બીજા નિરંતર વસતાજ રહે છે જો કે તે સમ્બન્ધનું સ્વરૂપ બદલાઇ બીજું બને ચડ્યું હોય એટલે કે દ્વેષને બદલે પશ્ચાત્તાપે ભલે સ્થાન લીધું હોય તોપણ પ્રથમનો સમ્બન્ધ તો ચાલુજ રહે છે આજ પ્રમાણે રાગ કે પ્રીતિ પક્ષે જોઇશું તો જેના ઉપર ઉપકાર કરેલ હોય તેનું સ્મરણ ઉપકારકના મનમાં તેમજ ઉપકારનું સ્મરણ ઉપકૃતના હૃદયમાં વાસો કરી રહ્યું હોય છે અને શુભ સ્મારક કે નામ રાખવા વગેરેના દૃષ્ટાન્તો તો અત્ર પણ પુષ્કળ મળી આવે છે આવી જાતના માનસિક ગુણધર્મના સિદ્ધાન્તોના મરણોત્તર પરિણામો ઉચ્ચતર ભૂમિકામાં આવ્યાના અસંખ્ય દાખલા પુરાણોમાં પણ માલુમ પડે છે

આ પ્રમાણે સર્વ જીવો રાગદ્વેષના સીધા બંધનથી કિંવા તે સંબંધીના સ્મરણ કે અંકિત જ્ઞાનથી આ લોકમાં એક બીજાપ્રતિ સંકળિત રહેલા છે અને એક બીજાના ઋણ ભવો ભોગે હોય તેમ બનેલા છે આ બંધન કે એવી અમુક પ્રકારનું આધ્યાત્મિક જ્ઞાન કે જેનું વર્ણન હવે પછીના યોગ્ય સ્થળે કરવામાં આવશે તે પ્રાપ્ત થાય ત્યાં સુધી તો સર્વ મનુષ્યો કે વ્યક્તિઓ ભોગવવાના છે?


### અન્ય વાંધાઓ કહેવાતા નિર્જીવ પદાર્થો પ્રતિ ચિત્તવૃત્તિઓનો અવકાશ

અત્રે બીજા બે વાંધાઓનો સંભવ છે નિર્જીવ-જીવનરહિત પદાર્થોપ્રતિ આપણી ચિત્તવૃત્તિઓ આકર્ષાતી નથી એ શું સત્ય છે? આપણને સમુદ્રમાં તથા અન્ય સ્થળે તોફાનનો અને વાવાઝોડાનો ભય લાગે છે અથવા ખાળકુવો જોઇ તિરસ્કારવૃત્તિ થાય છે અથવા તાપ વરસાદ ઝાકળ કે બરફના અત્યાચારથી આપણે ત્રાસ પામીએ છીએ કોઇ બાળકને પત્થર વાગવાથી તેના ઉપર ક્રોધ થઇ આવે છે એટલુંજ નહિ પણ તેને (પત્થરને) મારવા સુધી પણ તે તત્પર થાય છે આપણને ઘર આગળ રહેવાનું કોઇક વખતે મન થાય છે અથવા કોઇ પર્વત ગિરિરાજ કે બીજા જગતવગેરેનું સૌંદર્ય જોઇ આનંદ થઇ આવે છે તેમજ કોઇ રત્નમણિ ઝવેરાત કે કિનખાબ વગેરેની ઉત્તમ કારીગિરી જોઇ તેને હાથમાં લેવાની ઇચ્છા થઇ આવે છે આ બધા શું નિર્જીવ પદાર્થો નથી કે શું તેતરફ આપણી ચિત્તવૃત્તિઓ આકર્ષાતી નથી? એનો ઉત્તર એ છે કે તે સમયે અંતઃકરણમાં જે ચિત્રો થઇ આવે છે તેનું વર્ણન રૂપકઆરોપિત શબ્દોમાં આપણે કરીએ છીએ એ ચિત્તવૃત્તિઓ આકર્ષનાર પદાર્થોના ચિત્રો તો મનુષ્ય કે ચેતન પ્રાણીઓની પેઠે મનમાં તો ખડાં થાય છે અને તે પદાર્થોની પણ સુખ કિંવા દુઃખ (રાગદ્વેષ)નાં સ્વતંત્ર પાત્ર ન થાય કે નભાવાય તેવાં અને આપણા શરીરસાથે

ઓતપ્રોત ન થઇ શકે તેવા સાધનો તરીકેની ગણના પણ થાય છે જો તે પાચન થઇ જાય તેવા હોત તો તો તેને સારા કે બુરા ખોરાકના પદાર્થવત્ ગણી તેને હિતકર કે અહિતકરની સંજ્ઞા આપી તે કોટિમાં દાખલ કરતે અને તે કોટિ યથાર્થ ચિત્તવૃત્તિઓની કોટી ગણાય નહિ

હવે બીજો વારો આમણી માનસિક સ્થિતિઓ થાય કે બનાય તે સબંધનો છે તેનુ નામ સાપેક્ષદર્શક ચિત્તવૃત્તિઓ આપવામાં આવે છે જેમકે—નૂતનતા ભિન્નતા એકસ્વરતા સ્વતંત્રતા સંકોચતા વિસ્મયતા વગેરે કેટલીક ચિત્તવૃત્તિઓ શક્તિદર્શક છે જેમકે—નિશ્ચિતતા ભિન્નતામાં પણ અમુક પ્રકારની સમાનતા તુલના કે તર્કશક્તિની ઉત્કૃષ્ટતા ખુબી કે શુદ્ધતા ઇત્યાદિ વળી કેટલીક આહ્લાદદર્શક ચિત્તવૃત્તિઓ છે જેમ સૌંદર્ય સ્વરૂપ ઉપયોગિતા યોગ્યતા ભવ્યતા વગેરે નૈતિક કે ધાર્મિક ચિત્તવૃત્તિઓ કેટલીક છે જેમકે આત્મ (પોતાપ્રતિ) આદર આત્મગૌરવ, આત્મનમ્રતા ઇત્યાદિ કેટલીક શારીરિક શકિત કે કાર્યદક્ષતાની ચિત્તવૃત્તિઓ છે જેમકે પુરુષાર્થના વગેરે વગેરે આ પ્રકારના વાંધાનો ઉત્તર આ છે કે—એ પૃથક્ પૃથક્ ઉપર બતાવેલ ચિત્તવૃત્તિનું પૃથક્કરણ કીધું તો આગળ કહી ગયા તે કોઇ વિભાગમાં તેનો માંનો સમાસ થાય અથવા તો હવે પછીના પ્રકરણમાં જેને મિશ્રિત કે સેળભેળ ચિત્તવૃત્તિઓના નામથી કહેવામાં આવશે તેમાં ભળી જાય અને બાકીની ચિત્તવૃત્તિઓ જેનો તેમાં સમાસ ન થઇ શકે તે કાંતો રૂચિ કે અરૂચિના ભેદવાળા વિભાગમાં દાખલ થાય કિંવા સુખ કે દુઃખ જનક સંવેદનો કે ક્રિયાને બળ આપવાવાળી ઊર્મિઓમાં વગણી શકાય

---



# બેહુલા

લેખ —શ્રીયુત ડૉ. ભાઇલાલ નર્મદાશંકર અધિકારી-જામનગર

[ અનુસંધાન પૃષ્ઠ ૨ થી ]

(૬)

એવે વખતે સનકા ઘરમાંહી અરણ્ય રો દન-ધ્વનિ સાંભળી વ્યાકુળ થવા લાગી તેની સાહેલીઓએ દરવાજાને ધક્કા મારી બારણું ખોલી નાખ્યું બેહુલાએ કાળ નાગણીનો પીછો કર્યો ત્યારે એકવાર બારણું ખોલ્યું હતું પણ તે પાછું બંધ કર્યું નહોતું બેહુલા રડતી હતી —

અમૃત સમાન પ્રભુરે તારી મુખની વાણી
પુનરપિ ન સુણી મુજ અભાગણી
હાથના શંખલા ભાંગીશ કરીશ કંકણ ચૂર
ભૂસી નાખીશ હું સેંથાનો સિંદૂર
આ સુંદર રૂપે પ્રભુરે પ્રકાશી રજની
નાગણીએ રૂપ હતું નહિ ચ... ભરી
ચંપા કળિસમ નથી હો તારી કામ ન આગળી
મારા તું પ્રભુરે અભાગી બેહુલાની ...
ચાદ ચખુ મેલી

બધાઓએ ઘરમાં દાખલ થઇ જોયું તો સ્વામીનું શબ ખોળાપર ધારણ કરી કેશપાશ છુટા કરી સિંદૂરથી પાળ રંગી દીની માફક બેહુલા બેઠી છે તે જે અસ્ફુટ સ્વરે રડતી હતી તે તેઓ અંદર જતાં બધા... ગયું હતું જેવળ સાક્ષી સ્વરૂપ એક ઉજવળ અશ્રુ ગાલપર વ... વળગી રહ્યું હતું સનકાની સાહેલીઓ બેહુલાને ગાળો ભાંડવા લાગી નઠીમની આગળી બેહુલાએ વિવાહની રહેલીજ રાતે સ્વામીનો જીવ લીધો ને ! નારા સઘાની પહેલા પ્રથમની સિંદૂરની રખડી હજુ ગઇ નથી પવસ્ત્ર મેલા થયાં નથી પગલા ચાલવામાં છુટા પગી નહિ વિવાહની પહેલીજ રાત્રે વંશનો દીવો ઠારી નાખ્યો !

નઠીમની આગળી બેહુલાએ કાસકીને દાંતે લગનને દિવસે ચોટ ન કાઢ્યાં પહેલાં પતિને ખાધો સન ! પુત્રનું કરમાયેલ છાડ જેવું ... રવી જ જ રિત બનેલું મુખમંડળ જોઇ ઉ મૂ લિત તરની ... તેજ રચળે ધબ નીચે પડી ગઇ ચાદ એક ક્ષણ માટે પણ ત્યાં ન શોભતા તે જગાએથી ચાલતો થયો.

બેહુલાએ સ્ત્રીઓની નિંદા સાંભળી નહોતી તેનું મન તેતરફ હતુંજ નહિ જે મની છેલ્લી ઘડીએ સ્વામીએ એકવાર તેનો અંગ સ્પર્શ કરવા ઇચ્છ્યું હતું અને જે મની છેલ્લી ઘડીએ એકવાર તેના હાથના રાખેલ

ભાન ખાવા માગ્યુ હતુ, બેહુલા તે દઇ શકી, નહિ, તેના કષ્ટમાં, તેનુ હૃદય વઢાઇ જતુ હતુ સ્ત્રીઓએ તેને નશીબની આગળી અને કાસકીના દાંતા જેવા દાંત વાળી કહી તે બરાબર છે તેમ ન હોય તો પછી આવુ કમનસીબ થાયજ શાને? વિવાહની રાત્રેજ પતિનુ મૃત્યુ કેમ થાય! બેહુલાની આંખ ફાટમફાટ થઇ પાણી વહેવા લાગી ગયા હતાં તે તેણે ખાળી લીધા

એકવાર જરા આખ ખોની બેહુલા જુએ છે તો પ્રૌઢ સ્નેહ-વિહ્વળ મૂર્છા પામેતી સનકા સ્વર્ગેથી પડી ગયેલ કિન્નરી હોય એમ ભોયપર પડેલી જોઇ એવી સાસુને લઇ તે સૌભાગ્ય ચિ હ ધારણ કરી એક દિવસપણ સસારનો લાવો લઇ શકી નહિ!

"પરમ સુદર લખાના લાબા માથાના વાળ ગ્રાતિલા લઇ ચાલ્યા' ગાગુડે તે વાર

બેહુલાને આજ કોઇ જાતની લજ્જા કે શરમ હતી નહિ તેપણુ સ્વામીના શબસાથે સાથે ચાલી. લખાવાસ્તે પછી-સુગધી લાકડાંની ચિતા ખ કવામા આવી-બેહુલા તે ચિતાને પડખે જઇ બોલવા લાગી જો આને અગ્નિ દ દેશો તો હુ આની સાથે સાથે ચિતામાં બળી મરીશ પણ આને બાળવાની જરૂર નથી, સપથી ખાયેલાને બાળવાનો નિયમ છે નહિ એને તરાપાસાથે તરતુ મૂકી દીએ વખતે કોઇ ઝાડનારની કૃપાથી તેનુ જીવન પાછુ આવવા સભવ છે અને તે તરાપાસાથે હુ પણ જઇશ

બધાએ બેહુલાની વાતને અનુમોદન આપ્યુ બેહુલાની સાથે જવાની વાત "એક વાતની વાત' માની ઉડાવી દીધી કોઇ તે વિષે કઇ બોલ્યુ નહિ પણ જ્યારે તરાપો તૈયાર થઇ ગાંગુડાના પાણીમાં તરતો થયો અને તેમાં શબ રાખવામાં આવ્યુ ત્યારે પટ્ટાબરધારી સિંદૂર ચદનથી લીંપાયેલ લલાટવાળી સાક્ષાત દેવીસરખી પ્રતિમા તે તરાપાપર જઇ બેઠી. બધાઓ તે જોઇ હાય 'હાય કરી હાથ ઘસવા લાગ્યા જેઓએ 'અભાગણી વગેરે કહી બેહુલાને કેટલીએ ગાળો આપી હતી તેઓ આવી આવીને કેટલીએ રીતે મનાવવા લાગી એવી અક્કલવગરની બાળિકા તો કોઇએ કયારેય જોઇ નહિ હોય બાળિકા યુવતી વૃદ્ધ કે ગમે તેનો સ્વામી મરીજાય ત્યારે તેઓ વિધવા થઇ ઘરમાજ વસવાની પણ સ્વર્ગસ્થ સ્વામીને બચાવ્યો એવી વાત કોઇએ સાભળી છે? તેઓ જળજળી આંખે બેહુલાના મૃણાલ જેવા કોમળ કરને હાથમાં લઇ લઇને મનાવવા લાગી પણ બેહુલા ગાંગુડાના જળમાં નિશ્ચળ થઇ તરાપામા બેસી રહી શોકમા ચિત્રમય બનેલી અને ધૂળમા ખરડાયેલી સનકા ડસકતી ડસકતી ગાગુડાને તીરે આવી બોલી- ભૂડી ઘેરથી અપવાસ કરી આવી છે એક વેળા મુઠી ભાત પણ ખાધા નથી આવ બા! મારા લખાનો શોક વારૂ મ્હોડુ જોઇ શમાવવાની કોશેષ કરીશ" પણ બેહુલા એક ટળી બીજી થઇ નહિ તે તરાપામાથી ઉગી પણ નહિ

તે વખતે ખરો મધ્યાહ્ન તપી રહ્યો હતો. ચપકનગરના લોકો ગાગુડાને કિનારે માના

નહોતાં લોકોની આવ ચારે બાજુથી ચાલી આવતી હતી તેઓ આંખો તો આંસુઓથી ભરી મૂકી ગળગળાં થઈ કહેવા લાગ્યાં અરે બુદ્ધિહીન તરુણ જનની ! અમને છોડી ચાલ્યા જતાં નહિ તમારો સ્વામી નથી પણ અમે ચંપકનગરી તમારાં સંતાન છીએ અમને મૂકી જશોમા

સનકા ઉચ્ચ સ્વરે હૃદયફાટ રડતી રડતી બોલી મારી સાવિત્રી ફેર વળી આવ હું લખાનો શોક તને જોઈ ભૂલી જઈશ ગામડે ગામડાથી દેશ વિદેશની લોકો આવી જુએ છે તો સ્વામીના શબપાસે સ્થિર સૌદામિનીની પેઠે સાધ્વી બેસી રહી છે ગાગુડના નીરમાં તરાપો તણાતો જાય છે ને લોકો કહે છે અમે સીતા તથા સાવિત્રીની વાત પુરાણમાં સાંભળી છે આ જુઓ એમાંની એક ચંપનગરમાં નજરોનજર જોવામાં આવે છે

ગાગુડના તરંગોના આઘાતથી ધસડાતો ધસડાતો તરાપો જતો થયો અને તેની સાથે સાથે બેહુલા જે દેશમાં મૃત્યુ નથી તે દેશમાં મારા સ્વામીનું જીવન પાછું મેળવીશ એવો ખ્યાલ કરતી ચાલી

શોકાતુર માતા સનકા કોઈ રીતે નદીનો કાંઠો ન છોડતાં ધૂળમાં આળોટી આળોટી માથા પછાડવા લાગી બેહુલા છેવટ તાણી તાણીને તેને કહેવા લાગી વાસરઘરમાં કડવા તેલનો દીવો બળે છે તે ઓરડાનો બારણાઓ બંધ રાખવો મારા સ્વામીના પ્રાણનો ઉદ્ધાર કરી ત્યાંસુધી પાછી ન વળું ત્યાંલગી દીવો ઠરી જવો જોઈએ નહિ વાસરઘરમાં સોનાની થાળીમાં જે પાન રાખી મૂક્યાં છે તે દાડમના ઝાડ નીચે દાટી રાખજો" ચોમેરથી સેંકડો શોકાતુર નરનારીઓ બે હાથ ઊંચા કરી બોલાવી વારવાર કહેવા લાગ્યા "માતા તારું મોં જોઈ અમારું હૈયું ફાટી જાય છે—કમનસીબ માતાને પાછા વળી આવો" બેહુલા ઉત્તરમાં સજળ નેત્રે હાથ જોડી દેવતાઓ આગળ બોલી "તમે આશીર્વાદ દીઓ કે જેથી હું મારા પતિને સજીવન કરી શકું" જોતાં ન જોતાં બેહુલા શબ તથા તરાપો નદીના તરંગોમાં બહુ દૂર ચાલ્યા ગયાં

આ મહાશોકની કહાણી ચોમેર ફરી વળી એકલી નાનકડી બાળા મગરમચ્છ જેવાં ફાડી ખાનારા પ્રાણીઓથી ભરેલી નદીના તરંગોસાથે અથડાતી સ્વામીનું શબ લઈ રવાના થઈ છે એમ બધાઓ શોરબકોર કરવા લાગ્યા જે લોકોએ એ દૃશ્ય જોયું હતું તેઓ એ વાત રડતા રડતા કહેવા લાગ્યા અને સાંભળનારા ગળગળા થઈ આંખમાંથી આંસુ વહેવડાવા લાગ્યા ચંપકવાસીઓએ તે ગાગુડના નદીના જળને ગંગાજળ કરતાં પણ વધારે પવિત્ર માની લીધું—એ નદીમાં સતી લક્ષ્મી ચાલ્યાં ગયા જાણી તે નદીના તીરની માટી પવિત્ર સમજી પોટલીમાં બાંધી પોતાના દેવોની મૂર્તિ સાથે એક જગ્યાએ રાખી મૂકી

સનકા લખા તથા વહુની વાત મનમાં લાવી દિવસરાત અજ્ઞાન અવસ્થામાં પડી

રહી તેને સાત્વના દેવામાટે સોગરે ઘરમા એકવાર માટે પણ પગ મૂકો નહોતો બધા કહેવા લાગ્યા કે સોદાગર ગાડો થઇ જગલે જગલમા ભગ્કતો ફરેછે શુધ્ધિમા આ પા ગલી નારે સનકા એ વાત સાભળતી કે ગાડી તરત તેને મૂર્છા આવી જતી

(૭)

પરતુ સોદાગરની બુદ્ધિ ખસી ગઇ નહોતી' લાલ પીતામ્બર પહેરી રૂદ્રાક્ષની માળા ધારણ કરી સોદાગર સાતાનીપર્વતના જગને જગલમા ભમ્યા કરતો સધ્યાનખતે જ્યારે પર્વતના શૃગની ટોચ ભેદી છિન્ન ભિન્ન થઇ મેઘપક્તિ ઉડતી ત્યારે તે મનમા ધારતો કે એ ત્ર્યમ્બકની વિશાળ જટાજૂટ હોની જોઇએ ગાગુ નદીની છોળોથી અફળાતુ ગિરિનુ પાદમૂળ જોઇ તેના મનમા થતુ કે નગ્નકાય મહેશ્વરની જટામાથી શુભ્ર ગગાધારાનુ અવતરણ તેે થાય છે કયારે કયારે વાવ ડૂવામા કટનારવિન્દનુ દર્શન થતુ ત્યારે ધારતો કે હરના ત્રિનેત્ર નકારી નિકળ્યા છે કોઇ વખત રાતના પર્વતના શિખર ઉપરથી ચન્દ્રની કળા આવી નિકળતી જોઇ તે જટાજૂટની દીપી રહેલ ચન્દ્રચૂડ સમજી લઇ તે ગિરિને અસખ્યવાર પ્રણામ કરતો પાછલી રાત્રિએ કરમાઇ ગયેલ નક્ષત્રપંકિત તે ગિરિના શિખરપર ફરી વળી ત્તેને શોભા આપતી તેઓને હરના અગને શોભા આપતી રૂદ્રાક્ષ સમજતો અથવા શિવદેહનુ શુભ્ર ભસ્મચિન્હ ધારી ભકિતભાવે ગદ્ગદ્કઠે શકરસ્તોત્રનો પાઠ કરવા બેસી જતો તો કોઇ કોઇ વેળા ગાગુડાના અસ્પષ્ટ શબ્દ થી આમા મની તેમાં હરના મુખથી ઉચ્ચારાતા ૐકારનો આભાસ પામતો વિસરાત તે એવીરીતે શિવધ્યાનમા ચકચૂર રહ્યા કરતો

મારો નખો કયા? એવુ ક્ષણે ક્ષણે કોઇ બૂમ ચિસ પાડતુ હોય—તિરસ્કારથી કોઇનુ હૃદય ચિરાઇ જતુ હોય અને વાત ન જોની શકવાથી કેવળ ઉના નિસાસો કોઇ પ્રાણુએેા યત્રણામા તરફડતુ હોય એમ જાણી ચિત્તભ્રમ સોદાગર તે કાણી સ્વર તથા નિશ્વાસ પડતા શબ્દ ની કલ્પનામા વિચલિત થઇ પોતાના વરતદ દષ્ટિ નાખતો હતો અને તે વખતે તેના ચક્ષુઓમાથી અશ્રુઓ ટપકી રહેતા હતા

કોઇ વખતે શિવમૂર્તિનુ ધ્યાન ધરી બેસતો ત્યારે જાણે કોઇ ઉમાદિની રમણી કોઇ પ્રાણપ્રતિમાને છાતીએ લઇ આરાવગરની નદીના તરગોસાથે ઉછળતી તણાતી જતી હોય એમ જોતો એ તે ગાણુ? તેનો નિર્ણય કરવા જતા સોદાગરનો મોરરીઝ્ઝનો કાળ વીતી જતો અને તેનકી પાછા તેની આખમાથી અશ્રુઓ સરવા લાગતા ત્યારે ફરીને જરા જીવને ઠેકાણે રાખી તે શકર સ્તવનનો પાઠ આરભી દેતો તે વખતે ઉચ્ચ કઠે ઉચ્ચારાતા હર હર શબ્દ થી તે પહાડ ડગમગવા લાગતો

અપૂર્ણ

# ભારતવાસી સ્ત્રીઓનુ શિક્ષણ

લેખક—શ્રાયુત સન ત નરસ્વત ત્ર વૈધરાજ પ ડિત શિવશ ર શર્મા
હવેની અધિકારી-જામનગર

[ અનુસધાન પૃ૪ ૨૬૪ થી ]

તાનધ્વજપુરીમા વિક્રમરાજાનો માધવ નામે એક પુત્ર હતો તે માધવ એક દિવસે કે લાએક લશ્કરમાથે મૃગયા કરવામાટે ઘણ નિર્જન વનમા ગયો હતો સમય વિતીત થઇ જવાથી રાજકુમાર પોતાના લશ્કરને છોડી પોતાના બે ત્રણેક ઘોડા સાથે અત્યત વેગથી એક ઢોરના હરણની પાછળ થતો નિર્જન અને ઘાટા વનમા આવી પહોચ્યો સુ દર વનની શોભા અને અકૃત્રિમ સ્વરૂપ જેના જોતા તેની દ્રષ્ટિએ એ સુશોભિત પુષ્પવાળુ સરોવર જોવામા આવ્યુ અને સરોવરના કાઠાઉપર એક નવયાવનના જોશ વાળી યુવતી જાહેર રૂ રવામાટે ઉભેલી જોવામા આવી

રાજકુમાર માધવે તે યાતુ મનોહર સ્વરૂપ દેખી એકદમ મુગ્ધ થતા તેની સાથે લગ્ન કરી સદ્ચારીતરીકે જીવન નિર્ગમન કરવાનો સ ક૫ પોતાના મનમા રોપ્યો અને તેની સાથે વિનયપૂર્વક વાગ્વ્યવહાર કરવાનો આરભ કર્યો

કુવર માધવે કહ્યુ કે આપ કોણ છો અને આપનુ નામ શુ છે? હુ આપના અ ત કરણના સદ્ભાવને પ્રકટ કરનાર આપનુ સૌ દર્ય જોઇ આપની સાથે લગ્ન કરવા ચાહુ છુ

કન્યાએ જવાબ આપ્યો કે રાજપુત્ર! મારૂ નામ ચન્દ્રકના છે અને હુ વીરબાહુની સ્ત્રી છુ આપે જે પ્રશ્ન કર્યો છે તેનો પ્રત્યુત્તર યથામતિ આપુ છુ કે રાજશાસનમા દરેક લોક પાપ અથવા કલકિત કાર્યોથી દૂર રહેછે વળી શાસનકર્તા ખુદ રાજા પોતે આવાં કુકર્મોનો આરભ કરે અને પોતાના ધર્મનુ રક્ષણ ન કરે તો સમગ્ર દુનિયા પણ દુષ્ટ કાર્યો કરવામા પાપબુદ્ધિ માને નહિ માટે રજપુત! આપ ધર્મ પૂર્વક સદાચરણનો ત્યાગ ન કરો આપના વશજોમા કોઇએ અદ્યાપિ દુષ્ટત્વ રૂ નથી મારા જેવી એક ની અબળા સ્ત્રીઉપર આપ વીરપુરૂષના પરાક્રમની કાર્ય પણ આપનો યશ વધશે નહિ પરસ્ત્રીના સગથી થયેલી દુષ્કીર્તિ કલ્પપર્યંત રહે છે આ દુર્લભ મનુષ્યજન્મ પામીને સદ્ધર્મનુ પાલન કરી પુણ્યોપાર્જન કરવુ ઉચિત છે અન્યથા કામાદિકના સેવનથી પાપ કરવુ પડે છે પાપથી મરણ થાયછે અને છેવટે મરણ પછી નરકનુ અસહ્ય દુખ અનુભવવુ પડેછે

તેથી માસ મૂત્ર વિષ્ટાવિગેરેથી બનાવેલા આ મનોહર શરીરને દેખી કામાસક્ત થવુ ઉચિત નથી જુઓ માછના પોતાના અજ્ઞાનને લીધે માસ ચોટાડેલા લોઢાના સુયાને ખાવા જાયછે આથી તૂર્તજ નિશ્ચય મરણાધીન થઇ જાયછે આથી હે રાજપુત્ર! આપ સ્વયમેવ જ્ઞાની હોઇ અગ્નિરૂપી માસથી આનન્દિત થઇ પાપ ગ્રાહક ગણવા ઉત્સાહી ન થાઓ કારણ કે સુખનુ મૂલ વિવેક છે અને દુ ખનુ મૂલ અવિવેક છે વળી સાભળો કે પનઉદ્વીપમા ની વ્યતી નગરી છે તેમા ગુણાકર રાજા રાજ્ય કરે છે રાજાની સ્ત્રીનુ નામ સુશીલા છે અને તે રાજાને સુલોચના નામની એક સુંદર સોળ વર્ષની કન્યા છે તે સુલોચનાના સદ્‌ગુણ, રૂપ શીલ અને વિદ્યાનુ વર્ણન થઇ શકે તેમ નથી હુ પહેલા સુલોચનાની દાસીતરીકે હતી હાલમા મારા લગ્ન થયા આ આ દેશમા આવીછુ સુલોચનાજેવી રૂપવતી અને ગુણવતી રાજકુમારી અ ૫ લો મા ભાગ્યેજ હોઇ શકે તેમ કહેવામા અતિશયોક્તિ નથી માટે આપ આપને યોગ્ય સુલોચના રાજકુમારી સાથે લગ્ન કરવાનો ઉત્સાહ ધરાવો કારણ કે સિંહ પોતે પોતાની પાસે રહેલી શિયાળનો ત્યાગ કરેછે અને પોતાની સાથે યોગ્ય સિંહણનુ ગ્રહણ કરેછે તેવી રીતે આપ સુલોચનાસાથે વિવાહ કરવાની ઇચ્છા કરો જેવી નરપુત્રની સુલોચના પણ આપના જેવા સત્પતિને પામીને પોતાને યોગ્ય સુખને અનુસરશે તે વાત સિદ્ધ છે

આ વાત સાભળી કુમાર માધવે તૂર્તજ ઉત્સુક મનથી સ કલ્પે વદન કરી તેમના સદેશા મુજબ દીવ્યતીનગર તરફ જવાની તૈયારી કરી એક દિવસમા ત્યા પહોચી કોઇએક સુગધી નામના રાજમાળીસાથે સોનાની વીંટી સહિત એક પત્ર રાજકુમારી સુલોચનાને મોકલા યો એ પત્રમા એવો અભિપ્રાય હતો કે હે સુદરી રાજકુમારી સુલોચના! તમારા દૈવત રૂપ અને સદ્‌ગુણ સાભળી સમુ પાર ઉતરી હુ તમારા નગરમા આવ્યો છુ એથી આપ મારી પત્નીતરીકે થઇ મારૂં અભિલષિત સિદ્ધ કરો કારણ કે કમલિનીના ગુણને ભ્રમરજ જાણેછે પરતુ દેડકુ જાણી શકતુ નથી તેમજ આકાશમા શુક્ર મગળ વિગેરે અસખ્ય તારા હોવા છતા કુમુદિની ચ દ્ર વિના કોઇને ચાહતી નથી

રાજમાળીએ આ પત્રિકા રાજકુમારી સુલોચનાને મોકલાવી ગુણવતી સુલોચનાએ રાજકુમારનો પત્ર વાચી તૂર્તજ અન્ય પત્ર દ્વારા ઉત્તર આપ્યો કે આપનો પત્ર વાચી આશય વિદિત થયો પરતુ અત્યારના વર્તમાનમુજબ આપને નિવેદન કરૂં છુ જે આજ મારા લગ્નસગના અધિવાસનુ મુહૂર્ત અને આવતી કાલે મારો વિવાહ થશે અને મારા પિતાના આરભેલા કામ માથી હુ બાધ કરી શકુ તેમ નથી તેમજ દરેક મનુષ્યે અસાધ્ય કાર્યમા પરિશ્રમ કરવો ઉચિત નથી કારણ કે જો કાર્ય સિદ્ધ થાય તો પરિશ્રમ જણાતો નથી પરતુ કાર્યની સિદ્ધિ ન થાય તો કેવળ શ્રમજ છે છે તથાપિ આપ મારેમાટે મહાકષ્ટ ઉઠાવી સમુદ્રનુ ઉલ્લઘન કરી અત્રે પધાર્યા છો તેથી એક ઉપાય જણાવુછુ જે ... લગ્નમડપ...

હું સર્વ અલંકાર અને સુંદર વસ્ત્રો ધારણ કરી પૂજન કરવા આવીશ ત્યારે મારો જ અલૌ હાથ હું ઉંચો રાખીશ એ વખતે જે મારો હાથ ગ્રહણ કરશે તે મારા પ્રાણપતિ બનશે આવા હેતુની પત્રિકા રાજકુમારી સુલોચનાએ આમંત્રણ આવેલા માળીસાથે રાજકુમાર માધવને મોકલાવી પોતાની અપ્રતિમ કળાનો અને વિદ્યાનો સદુપયોગ કરી બતાવ્યો હતો.

તાત્પર્ય એ કે જો ચન્દ્રલા દાસી પોતે વિદ્યાવતી કે સદ્ગુણવાળી ન હોત તો રાજકુમારથી મુગ્ધ થઇ પોતાના અમૂલ્ય શીલવ્રતને લાંછિત કરી પાપભાગિની થાત તેમજ રાજકુમારી સુલોચના પણ જો શિક્ષિતા અગર ધાર્મિક કેળવણીવિનાની હોત તો પોતાના ધર્મથી ભ્રષ્ટ થઇ ઉત્તમકુળને કલંકિત કરવામા સંજાત રહેત નહિ પરન્તુ ઉત્તમ ભાગ્ય સ્ત્રીરત્નોએ ધાર્મિક અને વ્યાવહારિક દરેક પ્રકારની ઉત્તમ કેળવણીનો લાભ લીધેલો હોવાથી અત્યારસુધી પણ સતી સ્ત્રીઓમા પોતાના યશસ્વી નામો સ્થાપ્યા છે

ઉદયપુરના મહારાણાપાસે એક ભવાનીસિંહ નામનો શૂરવીર ચૌહાણ રાજા હતો તે દયા ધર્મ તથા દાનવગેરેથી હમેશા વિમુખ રહેતો હતો મહારાણાપાસે પણ ધર્મ-દયા-દાનવગેરેની નિંદા વખતેવખત કરતો હતો અને દરેક સરદારોને જણાવતો કે તમારે કોઇએ મારી આજ્ઞાસિવાય અન્ન દેવું નહિ એ ભવાનીસિંહની સ્ત્રીનું નામ વિદ્યાવતી હતુ વિદ્યાવતી અતિશય અને ધર્મનિષ્ઠ હતી કારણ કે પોતાના માતપિતાને ઘેર વિદ્યાવતીએ ઘણીજ સારી વિદ્યા ભણી પાતિવ્રત્યધર્મનું દરેક શિક્ષણ મેળવ્યુ હતુ વિદ્યાવતી પોતાના પતિ ભવાનીસિંહની દાન દયા ધર્મ વગેરેમા વિમુખવૃત્તિ જોઇ બહુજ વિચારમાં પડી હતી અને નિશ્ચય કર્યો કે જો આ શહેરમા કોઇ દાનપુણ્ય કરશે નહિ તો કોઇને સુખ થશે નહિ કારણ કે મનુષ્યોને સહાય કરનારો ધર્મ છે તેમ પતિની આજ્ઞાનું ઉલ્લંઘન કરવુ એ પણ સર્વથા અનુચિત છે વળી મારા પતિને હું દાનપુણ્ય કરૂં છુ તેવી ખબર મળે તો તુરતજ મારો નાશ કરે અને મારી હત્યા કરવાથી મારા પતિને પાપ લાગે તેમ લોકમા પણ તે નિંદાપાત્ર થાય માટે તેમ કરવુ પણ ઠીક નથી

આવી રીતે વિચાર કરી વિદ્યાવતી પોતાના પતિપાસે નમ્રતાપૂર્વક પ્રાર્થના કરવા લાગી કે સ્વામિનાથ! કોઇપણ દુખી મનુષ્યને આપણા રાજ્યમાં અન્નદાન દેવુ અત્યાવશ્યક છે દાનદેવુ રક્ષણ કરવુ વિગેરે રાજાઓનાં મુખ્ય કર્તવ્યો છે માટે આપ ભૂખ્યાં મનુષ્યને અન્ન આપવાની મને આજ્ઞા આપો આવુ વાક્ય સાંભળતા ભવાનીસિંહ અત્યન્ત ક્રોધાક્રાન્ત થઇને કહેવા લાગ્યો કે દુષ્ટ સ્ત્રી! તું આજ મારી આજ્ઞાનુ ઉલ્લંઘન કરવા ચાહે છે! મોટા મોટા સરદારોએ હજુસુધી મારી આજ્ઞા ઓળંગી નથી આજે તો એક વખત તુને હું ક્ષમા કરૂંછું હવેથી પુનઃ આવુ વચન બોલીશ તો તારો નાશ કરવામા આવશે. વિદ્યાવતી પોતાના પતિની ઉગ્રતા જોઇ એકદમ શાન્ત થઇ ગઇ અને વિચારવા લાગી કે ધર્મથી જો દુખ થતુ હોય તો

દરેક રાજાએ તેમ પ્રજાઓ ધર્માચરણ કરે નહિ પણ વિનાશકાલે વિપરીતબુદ્ધિ । તે વાકયાનુસાર મારા પતિની મતિ ભ્રષ્ટ થઇ ગઇ છે છતા મારે મારા પાતિવ્રત્યપૂર્વક ધર્માચરણ કરવુ અત્યાવશ્યક છે એ નણુ નિશ્ચયી વિદ્યાવતીએ પોતાના પતિની પાસે પ્રાર્થના કરી કહ્યુ કે સ્વામિનાથ મને સાસુ સસરાવિગેરેની સાથે ભોજન કરતાં લજ્જા પ્રાપ્ત થાય છે માટે મારે માટે કોઇ અન્ય સ્થળે ભોજન આવે એવી આજ્ઞા આપો આવુ પોતાની રાણીનુ વચન સાંભળી ભવાનીસિંહે રસોઇયાને બોલાવીને કહ્યુ કે વિદ્યાવતી રાણીમાટે તેના બગીચામા ભોજન મોકલાવવુ એમ હુકમ આપ્યો તે વખતે અન્ય દુષ્ટ રાણીઓએ તે રાજાને જણાવ્યુ કે વિદ્યાવતી તો દાન દેવામાટેજ પોતાનુ ભોજન જૂદુ મગાવવા ઇચ્છે છે રાજાએ કહ્યુ કે વિદ્યાવતી જેટલુ જમી શકે તેટલુજ ભોજન મોકલાવવુ આવી આજ્ઞા થતા વિદ્યાવતીમાટે સાંજ સવાર બન્ને વખતના ભોજન માટે ૧૦ દશ રોટલી દરરોજ મોકલાવા લાગી વિદ્યાવતીએ તેમાથી ૪ ચાર રોટલી પોતાની ક્ષુધાશાંતિમાટે રાખી દરરોજ ૬ ૭ રોટલી કોઇપણ અનાથીને આપવાનો વિચાર કર્યો હવે પોતે સ્ત્રીજાતિ અને વળી રાણી હોવાથી કોઇને બોલાવી શકાય નહિ તેમ જો રાજાને માલૂમ પડે તો પ્રાણનાશ સિવાય અન્ય પરિણામ ન આવે એવો પૂર્વાપર વિચાર કરી છેવટે નિશ્ચય કર્યો કે આ મારા મહેલની પછવાડે ખાઇ છે ત્યા કોઇ આવી શકે તેમ નથી માટે બારીયેથી દરરોજ ૬ ૭ રોટલી દાનતરીકે બુભુક્ષિતોને અર્પણ કરી દેવી ઠીક છે આમ ધારી તેણે તે મુજબ વર્તવા માંડ્યુ આવી રીતે ત્રણવર્ષો વીતી ગયા એક દિવસ મહારાણાનુ પત્ર આવ્યુ કે શૂરવીર ભવાનીસિંહ-સરદાર! આપણા રાજ્યમા ભીલ લોકોએ બહુજ ઉપદ્રવ મચાવ્યો છે, અને પ્રજા બહુ દુઃખી છે માટે એકદમ ત્યાં જઇ ભીલ લોકોનો નાશ કરી આપણી પ્રજાનું રક્ષણ કરો. આવી રીતે સમાચાર મળતાં ભવાનીસિંહ તુર્તજ પોતાના માતાપિતાની આજ્ઞા લઇ પોતાની સ્ત્રીઓને મળી તેમજ માનીતી વિદ્યાવતીને મળી મોટા લશ્કરની સાથે ભીલ લોકોનો નાશ કરવામાટે રવાના થયા અને નિર્દિષ્ટ સ્થાનમા જઇ ભિલ્લોની સાથે ભયંકર યુદ્ધ કરવામા જોડાયા ભવાનીસિંહ યુદ્ધમાં ગયાબાદ વિદ્યાવતી પોતાના પતિની ચિન્તા કરવા લાગી અને મનમાં વિચારવા લાગી કે, હવે મારા પતિ મને કયારે મળશે? રણસંગ્રામમા ભવાનીસિંહ અને ભિલ્લોનુ પરસ્પર યુદ્ધ મચી રહ્યુ છે તેવામા એક ચમત્કાર થયો કે ભવાનીસિંહના જેટલાં તીરો ફેંકવામા આવતા હતા તે દરેક ભિલ્લોને લાગતા હતાં અને પ્રાણહારી થતા હતાં પણ ભિલ્લોના જે બાણો

આવતા હતા તે અસંખ્ય રોટલીઓ ઝીલી લેતી હતી એક તીર પણ ભવાનીસિંહને લાગ્યુ નહિ ભવાનીસિંહે શત્રુઓનો નાશ કરી પોતાની સુરક્ષિત સેનાસાથે તુરત જ પોતાના શહેરમા આવી વિજયવૃત્તાંત મહારાણાને નિવેદન કર્યુ મહારાણા તરફથી તેને ર બે લાખ સોનામહોરનુ ઇનામ આપવામા આવ્યુ તે લઇને ભવાનીસિંહ પોતાને ઘેર આવી માતપિતાને પ્રણામ કરી સર્વ વૃત્તાંત જણાવ્યુ ત્યારબાદ તે બહુ પ્રસન્ન ચિત્તથી પોતાની માનીની રાણી વિદ્યાવતીપાસે ગયો અને પોતાના વિજયનો સર્વ વૃત્તાંત કહ્યો અને બોલ્યો કે હુ પ્રિયે ! મેં યુદ્ધ કર્યુ તે વખતે એક આશ્ચર્ય જોયુ કે મારા ઉપર જેટલા તીરો જતા હતા તે તો શત્રુઓને વિંધી નાખતા હતા પરંતુ મારી સામે તે વખતે અસંખ્ય રોટલીઓ આવી હતી તેથી શત્રુઓના દરેક બાણો રોટલીમા અટકી જતા હતા અને મને એકપણ બાણ લાગ્યુ નહિ આ ચમત્કારિક વૃત્તાંત મેં મહારાણાને કે અન્ય કોઇને કહ્યા નથી આમા શુ ભેદ છે તે જણાતો નથી વિદ્યાવતી પોતાના પતિનાં વાક્ય સાંભળી બોલી ઉઠી કે—સ્વામિનાથ! આપ વિદ્વાનોને બોલાવી નિર્ણય કરો જેથી માલૂમ પડશે ત્યારે ભવાનીસિંહે પંડિતોને બોલાવી તેની સમક્ષ પોતાના યુદ્ધની ચમત્કારિક વાત જણાવી એ ન દરેક પંડિતે કહ્યુ કે હે રાજન ! આ બધો પ્રભાવ કોઇ મોટા અન્નદાનનો છે કારણ કે દાન પુણ્ય દરેક રક્ષણ

કર્તાનુ રક્ષણ કરે છે આવુ બ્રાહ્મણમંડલનું કહેવુ સાંભળી ભવાનીસિંહ યથાયોગ્ય રીતે બ્રાહ્મણોનો સત્કાર કરી સભાવિસર્જન કરી ઘેર ગયા કારણકે તેને આગળ શિવાય બીજા કોઇ પુણ્યની વાત જરાપણ પ્રસન્ન નહતી ત્યારબાદ તે પોતાની પતિવ્રતા સ્ત્રી વિદ્યાવતીપાસે ગયા અને બ્રાહ્મણોના કહેવામુજબ સર્વે જણાવ્યુ ત્યારે વિદ્યાવતી નમ્રતાથી હાથજોડી પોતાના પતિને કહેવા લાગી કે મહારાજ! આપની આજ્ઞા ન હતી તથાપિ મેં દરરોજ મારા ભોજન માથી ૬ ૭ રોટલી દાનરીતે આપી છે અને તે આજ પર્યંત થયા દાન કરૂ છુ માટે આ બધો પ્રતાપ અન્નદાનનો છે કેવલ ૬ ૭ રોટલીના દાનથી જ્યારે આટલો ચમત્કાર જોવામા આવ્યો ત્યારે સારી રીતે અન્નથી અતિથિઓનો સત્કાર કરવામા આવે તો તેના પુણ્યનો પાર રહેતો નથી.

ત્યારે ભવાનીસિંહ પણ પોતાની સ્ત્રીની ધર્મ ક્રિયા જોઇ બહુ પ્રસન્ન થયા અને દરરોજ અન્ન પુણ્ય કરવામાં ઉત્સુક થયા હતા આ ઉપરથી તાત્પર્ય એટલુ સમજવાનુ છે કે આગળના વિદ્યાવતી જેવા સ્ત્રીરત્નોએ ધાર્મિક ઉંચી ધાર્મિક કેળવણી લીધેલી હતી અને રેક રીતે રેક ભાવે તે અનુકરણીય હતા આધુનિક સ્ત્રીરત્નોએ પણ વિદ્યાવતી જેવી અપ્રતિમ યુવતીની હરીફાઇ કરી પોતાના શાસનામોને ચિરસ્મરણીય કરવા ઉચિત છે

---

# મનુષ્યજાતની પ્રકૃતિ અને વિકૃતિસંબંધે પ્રાચીન આયુર્વેદાચાર્યોનો અભિપ્રાય



લેખક---શ્રીયુત વૈદ્ય કાવિનાસ વિ. પોપટભાઈ શાસ્ત્રી-જામનગર

પ્રકૃતિ એટલે શું? અને વિકૃતિ એટલે શું? તે પહેલા જાણવાની ખાસ જરૂર છે કુદરતી રીતે માણસના મન અને શરીરની જે મૂળ સ્થિતિ બંધાયેલી હોયછે તેનું નામ પ્રકૃતિ કહેવાયછે તે પ્રકૃતિ, જાતિને મળતી કુળને મળતી દેશને અનુસરતી કાલને અનુસરતી અવસ્થાને અનુસરનારી અને આત્માને અધીન એવી રીતે ૭ પ્રકારની છે આવી રીતે પ્રકૃતિના વૈદ્યકશાસ્ત્રમા ૭ ભેદો લખેના છે પરંતુ તાત્વિક દૃષ્ટિએ વિચાર કરી જોતા તેના અનેક ભેદો અનુભવમાં આવે છે વળી પ્રાચીન સંસ્કૃત વૈદ્યકશાસ્ત્રમા લખેલુ છે કે જગતમા જેટલી આકૃતિઓ નજરે પડે છે તેટલીજ પ્રકૃતિઓ છે ટુંકામા જેટલા મનુષ્યો છે તેટલીજ પ્રકૃતિઓ છે એટલે એક માણસની પ્રકૃતિ બીજા માણસથી મળતી આવતી નથી જગન્નિયંતા સર્વસાક્ષી ઇશ્વરે મનુષ્યજાતને અસમાન પ્રકૃતિઓવાળીજ ઉત્પન્ન કરેલ છે શરીર અને મનની સ્થિતિનું જેમા પરિવર્ત્તન થઈ જાયછે તેને વિકૃતિ કહેવામા આવે છે વિકૃતિ એ લક્ષણથી ઉત્પન્ન થયેની લક્ષ્યથી ઉત્પન્ન થયેલી અને નિમિત્તથી ઉત્પન્ન થયેની એ પ્રમાણે ત્રણ પ્રકારની વૈદ્યકશાસ્ત્રમા જણાવેલ છે માણસના શરીરમા લક્ષણો હેતુભૂત થાયછે ત્યારે લક્ષણનિમિત્ત વિકૃતિ કહેવાય છે આ લક્ષણોમાના કેટલાએક લક્ષણો શરીરની સાથે બંધાયેલા હોય છે જે લક્ષણો તેને શરીરમાં કોઈપણ અવસરને મેળવીને તે તે રોગને ઉત્પન્ન કરે છે જેનુ નિદાનમા કહ્યા પ્રમાણે લક્ષણ જોવામા આવે છે તેને લક્ષ્યનિમિત્ત વિકૃતિ કહેવામાં આવે છે આ ઉપરથી વિદ્વાન્ વૈદ્યલોકો આયુષ્યના પ્રમાણને જાણી શકે છે તેમજ આયુષ્યના ક્ષયના નિમિત્તભૂત અને મરવાને તૈયાર થયેલ મનુષ્યના ચિહ્નને અનુસરનારી જે વિકૃતિ છે તેનો અંતર્ગત આયુષના જ્ઞાનને માટે વિદ્વાન્ વૈદ્યો ઉપદેશ કરે છે જેવી રીતે પ્રકૃતિઓ અનેક પ્રકારની છે તેવીજ રીતે સૂક્ષ્મદૃષ્ટિથી જોતા વિકૃતિઓ પણ અનેક પ્રકારની નજરે પડે છે

પ્રાચીન કાળમા દેશી વૈદ્યો એવા તો વિદ્વાન્ અને અનુભવી હતા કે તેઓ દરદીની પ્રકૃતિને તુરત જાણી શકતા હતા અને તેથી દરદીની પ્રકૃતિને અનુકૂળ આવતુ ઔષધ આપવામાં આવતુ હતું જેથી સત્વર રોગ પ્રશાન્ત થઇ જવા પામતો હતો હાલના કેટલાએક વૈદ્યો પ્રકૃતિના નામથી પણ અજ્ઞાત છે તો તેઓ તેના રહસ્યને તો ક્યાંથીજ સમજી શકે? વિદ્વાન્ વૈદ્ય હોય અને અનુભવી હોય, તેને પ્રકૃતિ અને વિકૃતિનુ સહજમાં જ્ઞાન થઇ શકે છે પરંતુ આજકાલ તો કેટલાએક લેભાગુ, અનાડી ઉંટવૈદ્યો પ્રકૃતિ

જોરેનો જે આયુર્વેદમા નિર્ણય કરવાનું લખેલું છે તે કર્યાવગર એકાદ જડિબુટી કે અશાસ્ત્રીય ઉપાય અજમાવે છે પરિણામમા દવા માફક આવતી નથી એટલે તેવીજ જાતની બીજી કોઇપણ બનાવટ આપવામા આવે છે તે પણ માફક ન આવે એ બનવાજોગ છે કારણકે તે દરદીની પ્રકૃતિ અને ઔષધોના ગુણોનો વિચાર કર્યાવગર અધર બાજીએ આપવામા આવેલ છે આમ થવાથી દરદીને નિરાશ થઇને જવુ પડે છે પ્રાચીન સસ્કૃત વૈદકશાસ્ત્રથી જનસમાજ ઘણોજ અજ્ઞાત છે એમ કહીએ તો પણ કંઇ ખોટુ નથી કારણ કે રોગીને કોઇપણ દવા આપતાં પહેલાં તેની પ્રકૃતિ અને ઔષધનો ગુણ દોષ અને પ્રભાવ વગેરે જાણવા એ વૈદ્યને માટે ખાસ જરૂરનુ છે પ્રાચીન વૈદકશાસ્ત્રમાં આ સબંધે સવિસ્તર વર્ણન કરવામા આવેલ છે પરતુ તેને વાંચનાર અને તેપ્રમાણે વર્તન કરનારનો લગભગ અભાવ હોવાથી દેશીવૈદ્ય લગભગ આંધળે બહેરૂં કુટયા કરે છે

પ્રાચીન વૈદકશાસ્ત્રમા રોગની પરીક્ષા કરવાસબધે જેટલું સવિસ્તર વર્ણન કરવામા આવેલ છે તે ઘુ બીજા કોઈ કે હકીમી વગેરે વૈદકના ગ્રથોમા લખેલુ નથી એમ મારા અનુભવમા આવેલ છે દેશીવૈદ્યોને યશ ઓછો મળે છે તેનો મૂળ ઉદ્દેશ ઉપર લખી જણાવેલ પોતાની ગફલતજ છે પ્રકૃતિ અને વિકૃતિસબધે સપૂર્ણ જ્ઞાન થયાપછી વૈદ્ય દેશકાળ અવસ્થા અને માત્રા વગેરેનો નિર્ણય કરવો જરૂરનો છે ત્યારપછી દવા આપવી અને તે દરદીને અનુકૂળ આવશે કે નહિ તે જાણવાની ખાસ જરૂર છે દવાની બાબતમા પણ કેટલોક ગોટાળો ચાલ્યો જાય છે કારણ કે ઔષધી ૭ માસ પછી ગુણવગરની થઇ જાય છે અને રસાયનો શાસ્ત્રમાં લખ્યા મુજબ જો બનાવવામા ન આવે તો તે પણ ગુણહીનજ થઈ જાય છે આવી જાતનાં ગુણવગરનાં ઔષધોનો સયોગ કરવામા આવે તો તૈયાર કરેલ બનાવટ મનમાનુ કામ કરી શકતી નથી વળી કોઇ ચીજ વધારે મોંઘી પડતી હોવાથી નાખવામા આવતી નથી તેથી પણ દવાના પાઠનો ભગ થાય છે અને દરદીને ફાયદો થતો નથી દવા તૈયાર કરવાની બાબતમાં પણ વૈદ્ય ઘણીજ સાવચેતી રાખવી જોઇએ પ્રકૃતિનો વિચાર કરી યુક્તિ પુરઃસર અપાયેલી ઔષધ જેવો જોઇએ તેવો ફાયદો કરી શકે છે એ નિસદેહ છે માટે રોગીને ઔષધ આપતા પહેલા પ્રકૃતિવગેરેનો નિર્ણય કરવો એ ખાસ જરૂરનો છે

ઉપર લખી જણાવેલ બીના ધ્યાનમા લેતાં સારી રીતે જાણી શકાશે કે ઔષધોપચાર કરતા પણ રોગ આરામ ન થવાના અનેક કારણો છે જેમાનાં થોડાએક કારણો સક્ષિપ્તમા ઉપર લખી જણાવવામા આવેલ છે

આજકાલ જનસમાજ દવાદારૂ વગેરેની બાબતમાં લાખો રૂપીઆ ઉડાવી દે છે પરતુ તેના બદલામા દરદીઓને જેવો જોઇએ તેવો લાભ થતો જોવામા આવતો નથી તે ઉપર લખી જણાવેલ કે લાએક કારણોને આભારી છે તે કારણો જનસમાજને ખાસ જાણવા

જોયા છે એમ ધારી લખવામા આવેલ છે રોગોત્પત્તિના તમામ કારણો લખતા અને પ્રકૃતિ અને વિકૃતિના વિષયસબંધે વધ રે વિવેચન કરતા આ લેખ ઘણોજ મોટો થઇ જાય એમ ધારી આ વિષયને સક્ષેપમા લખવામા આવેલ છે તે વિષયોનુ પ્રસગોપાત્ત વર્ણન કરવામા આવશે

હવે આ પ્રસગ સમાપ્ત કરતા પહેલાં અમો જણાવીએ છીએ કે જ્યારે કાઇપણ માણસને કોઇપણ પ્રકારનો વ્યાધિ લાગુ પડે ત્યારે કોઇપણ પ્રકૃતિને સમજનાર અને અનુભવી વિદ્વાન્ વૈદ્યને પોતાની તબીયત બતાવી તેમનાજ ઔષધનુ સેવન કરવુ એ સર્વથા હિતકર છે

---

# ‘નહિ વચનબાણે વીંધજો’

(ગઝલ સોરઠ)

આશાભર્યા હૃદયે બિચારા દીનમ ખુ આવતા
નિરખી તમારા મહાલયો નિજ હાથને લબાવતા

ના! ના! નહિ ધનદાન કો એ રાકડા રજાડજો
વદી વેણ આવેશોભર્યા અગાર ના વર્ષાવજો

લુટશો ના! છુટશો ના! પ્રેમભીના પુષ્પને
વિષમય કરશો નહિ ૯ યના સ્નેહઝરણુને

આપ્યુ જીવન અર્પણ કયુ તવ પ્રેમવેદી ઉપરે
કટુવેણથી ના દિલ એ દુભાવજો નિર્દય અરે!

નિજ માતના વચનો કુડા નવ બાલ ધ્રુવે સાખિયા
બ કેશભાતા દેશ ત્યાગી રામને શરણે ગયા

શિર ફૂટજો પત્થરપરે ભાલા ગમે તો ભોકજો
સભાળજો કદિ કોઇને નહિ વચનબાણે વીંધજો

કોલેજ છાત્રાલય
ગિરિનગર

રમણિક ર મહેતા

# કચ અને દેવયાની



## (કચનું આત્મબળ)

### વસંતતિલકા

નીચી દગે શિર નમાવા નચિંત બેમે
વિદ્યામહીં પરમ રાગ વિશુદ્ધ વેરે
જાણે ન અન્ય ક્રમ શુક્રગૃહે રહીને
વિદ્યા ભણે કચ બૃહસ્પતિપુત્ર પ્રેમે ૧

આશા ઉરનાં પુર્યાં નેત્ર કરેજ ઉંચા
પૂજા કરી ગુરુતણી ભણતો સુવિદ્યા
આગેની કાર્ય ગુરુનું લઈ અન્ય વાત
એકાંત સ્થાનમહિં મન રહે સુશાંત ૨

છે અન્ય કેણ ગૃહમાં નહિ ભાન તેને
શિષ્યો તૌજ બહુ કહે રમતું ન જેને
છે એક પુત્રી ગુરુની પર દેવયાની
જોતી રહે બહુ [illegible] મા સુશાની ૩

છે નમ્ર ઉત્તમ સુશીલ સ્વભાવ જેને
છે શાન્ત નમ્ર ચિત્તમાં શુક્ર જેવો
છે સુંદર સ્વરૂપ કામથકી વિશેષ
મોહી રહી ઉરસ્થતા કચથી વિશેષ ૪

સૌ દેવવાન દુહિતા સહ કામસુન્ત
સંજીવિનીરૂપ સરસ્વતિ જેમ શિન ન
તેના ઉરે કચસ્વરૂપ રમી રહ્યું છે
ત્યાગી બધું કચવિષે દિલ તો દયું છે ૫

ઉપજાતિ

ગૃહે મળ્યાનો નહિ યોગ થાય,
વિચારી એવું સરતીર જાય
સંધ્યા કરે જ્યાં કચ ધ્યાનમાંહે
આવી કુમારી ઊભી સ્તબ્ધ ત્યાંહે ૬

ઘડો મુકી ભૂપર મૂક ઉભી
ન બોલવા હિંમત ઉર આવી
રંભા યથા શુક સમીપ ઉભી
ગુરૂપ્રભાથી ઉર બીક લાગી ૭

સરોર્મિઓ ત્યાં સમિરે રમે છે
ધીમા ધીમા તીર પરે પડે છે
છેરે ઉભા સારસ શ ૦ જોને
'શું જોશો શું જોશો' ઉરોર્મિ બોને ૮

કદંબ ઉગ્યાં સર તીર ઉંચા,
કેકા અને કોયલ શબ્દ ગુંજ્યા
લાવી ઉરે હિંમત નીચું જોતી
બોલી સુંવાળા કચને નમંતી ૯

દેવયાની—

સમાધિમાં મન ઋષિકુમાર !
સામે જુવો ત્યાગી બધો વિચાર
ગુરૂસુતાની ઉરકેરી વાત
ધારો ચિત્તે દિવ્ય કુમાર ! ભ્રાત ! ૧૦

ભીક્ષમાં વાવન મગ્ન બાળ !
હો જ્ઞાનમાં શૃંગાધરી વિશાળ
કાંતિ ભુલાવે નકી કામદેવ
ન શુક્રનું આવું મહા સ્વરૂપ ૧૧

રે ચિત્ત યોગ્યું પ્રિય ! આપમાંહે
ધારો મને મગ્ન કરી હું સાથે

નય ક છે આપ પ્રભાવ પૂર્ણ
સામુ જુવો હુ નમુ આપ ચર્ણ ૧૨
મ દાકા તા

કચ—

રે રે દૂરે ગુરૂતણી સુતા કેમ આવી તું આહીં?
આ એકા ત સ્થળ ન ગણ્યુ તુ જાણી જાગે ગુરૂથી
આવા આવા અઘટિત બધા કેમ શબ્દો વદે છે
તું શુ જાણે મદન મુજથી દૂરને દૂર રે છે ૧૩

વિદ્યા સાધી પછી મનુજને મોહ ખોટો લગે શુ!
જ્ઞાતા કોઇ ભુલ કરી દ્યે રે! કુમાર્ગે જશે શુ?
જ્હોયે શુ રિ નદિજ શુક ઠ ભામનુ ના તમોથી
રે તુ સાથે પણ ન ભગનુ એવી એથમ-વ્રતિત ૧૪

નાનિ સુતો સકળ ભણીનો છે ગુરૂપુત્રી બ્હેન
કો કયાંથી હુ તમ કર ગ્રહુ જો ગુરૂ આપ કહેય
બ્રહ્મા વિષ્ણુ શિવ મળી મથે આપવી આપવાને
તોયે મારૂ અણુજ બળ આ આત્મનું વે ન માને ૧૫

શીલ તજી ગુરુમહિ તમે મૂકી મે વદ ખોટા
મા કુબાડો મુજ તણ બધુ કો લહે હેમ ખોટા
મૂળ છ દ નિજ ગુ તણી અપ્સરાઓ કરી તો
ના તુ જાણે કચ હિ થશે મોહથી મ દ પેનો ૧૬

દેવયાની—

સૃષ્ટિમાંહે તમ વિણ મને અ ય વા શ્ય લાગે
વિદ્યા બુદ્ધિ પરમ પ્રભુનુ જ્ઞાન છે આપમાહે
દીસે શાંતિ અનુપમ ગુણ યૌવનશ્રી મનોજ્ઞ
ના કો દેખુ ઋષિકુળતનું સત્ય વાતે પ્રપન્ન ૧૭

જેવાં જ્ઞાની ઋષિકુળમહીં કર્દમ-દેવહૂતી
ગુણી શા તા અરૂ ધતી સહ જેમ વશિષ્ટ જ્ઞાની
મોટા દાદા મરિચસુત ને દિવ્ય દિતી અદિતી
તેવી છુ હુ તમ સહ થવા પ્રેમની દિવ્ય મૂર્તિ ૧૮

કચ—

ના લોભાવે પ્રિય ભગિનિ હે ! તુચ્છ માની મને તું
મોહ્યા હોયે ઋષિવર ઘણા માન ના તે સમો હું
તેઓ મેળ્યા પરમ પ્રભુની ગૂઢ ઇચ્છાજ એવી
મારી પાસે તુજ બળ બધું નષ્ટ થાશે ભગિની ! ૧૯
નીતિ તોડી નહિજ પરણું ના વૃથા માર ફાંફાં
ચાની જા તું તુજ ગૃહનિર મૂકી દે મારી આશા
જે સિદ્ધાંતે હૃદય દૃઢ છે ફેરવું તે નહીંજ
મારા પાકા હૃદયગઢને તું શું જાણી શકેજ ૨૦

શિખરિણી

નચીકેતા નાના યમગૃહ ગયા જ્ઞાન ગ્રહવા
યમે લોભાવીને બહુ બહુ કહ્યું સૌખ્ય ધરવા
અહા તે વીરાનું અનુપમ થયું આત્મબળ શું
નકી તેવા બાળો ઋષિકુળમહીં હોય કચ શું ? ૨૧

દેવયાની—

ન માનો કે માનો મુજ જીવન સર્વસ્વ અરપ્યું
પડી પાયે વદું મુજ સુખ તમો સાથ નિરમ્યું
તમોને ના ત્યાગું વર અહીં સુણો ધર વિચરૂં,
મનાઓ હે શાણા ! તમ ગુણપરે મુગ્ધ થઉં છું ૨૨

ઉપજાતિ

કચ—

વિશેષ સંભાષણ વ્યર્થ તુથી
ન બોલ મિથ્યા મુજથી હવેથી
વૃથા લઈ શાપ ગૃહે જઈશ
આ બ્રહ્મનો કોપ બુરો સહીશ ૨૩

અનુષ્ટુપ્

દેવયાની—

આશા ભંગ કરી મારી ધીર ! શી દક્ષતા તને
વિદ્યા મારા પિતાકેરી નિષ્ફળા બનજો તને ૨૪

કચ—

મોહથી અંધ હે બાળા ! સારાસાર વિચાર ના
બ્રહ્મપુત્ર નહીં થાશે તુજને વરનાર હા ! ૨૫

---

**ભાઈશંકર કુબેરજી શુક્લ**

## દુનિયાની મહાન લડાઈ
## શરૂઆતના ચિંતાતુર દિવસોમાં
# હિંદથી ફ્રાન્સસુધીની દરિયાઈ મુસાફરી

લેખ—શ્રી અરદેશર એસ નાગલા, ઇજાર માસતર-જામનગર

( અનુસંધાન-પુસ્તક ૨ પૃ ૪૮૫ થી )

અમારી સ્ટીમરમાંથી ઉતરી અમો કિનારે ગયા પછી ગોક જરથોસ્તની સાથે વાત ચિતમાં પંદર મિનિટ અને ત્યાં ગાડી કના બીજા પંદરેક મિનિટ કહાડયા આ એડન શહેર જોવાને મારૂં મન ઉતાવળ કરવા લાગ્યું મારા બચપણથી એડન શહેરના વખાણ જુદે જુદે મોહોડેથી સાંભળેલાં સ્નેહીઓની પાસેથી ઉતરેનાર એ મુલકની તારીફ મન પર આવેલી અને જે આટલી મુદત મારા દિલમાં ઘર કરી બેઠેલી તે એડન જોવાનો આજે વખત આવી લાગ્યો પણ એમ કાઇ એક બે કલાકમાં એડન જોવાઇ જવાનું હતું? વળી થોડી મિનિટ તો ભો । નેમોનેડથી મગજને તર કરવામાં કહાડવામાં આવી હવે એડન જોવની શી બાત કરી એડન ટાપુ એ મોહોટા ભાગમાં વહેરાન છે આ ટાપુને માટે બહુ વખાણ સાંભળેલા પણ આ વખતે સાંઇના રણથી કે જે ખુણે ભે તે કારણથી તે ખુલ્લુ-સુકુ - ગીતુ જળતુ અથવા જણાતુ હતુ ત્યાં એ નવાના સાહેબોની જહોજલાલી બહુ સારી છે અને તેમની આફીસ અને દુકાનમાં હિ પાય માણસોના ગોટા । નવાપા લાગ તો જ્યાં જોઇએ ત્યાં સુનમસુનાનો મામલો આને લગતા મારા મારા વિચારો મેં જણાવ્યા ત્યારે એડનના મેં જુના રહીશ શ્રી મેરામજી દા પટેલ ઉકમાઇથી કહેવા લાગ્યા "વાહ ! વાઓ ભેદ ખરા અમારા ટાંકાં તો જુઓ ઠીક બીજું કાંઇ નહિ તેમાં । જવાબજ એડન શહેરનું આલીશાનપણું આવી રહ્યુ અમારા એ મિત્ર ગૃહસ્થ વારવાર ટાંકા જેવાની ભલામણ કરવા લાગ્યા તેથી આખરે અમો તે જોવા આવ્યા ટાંકા હતા ત્યાં પહોંચ્યા અને જોયું તો જાણે જામનગરના ચાર પાંચ નાહાના નાહાના તળાવો મારી સામીપામી જોઇ અમારા મિત્ર જરા ડવાયલા દેખાયા તો પણ તેમણે જણાવ્યું અને કહ્યુ કે આ । એ ટાંકા તો સાલોમનના વખતનાં છે વળી સાથેજ કોઇ કહેવા લાગ્યા કે એ તો ખોદાઇ એ ઉપરથી ઉતારીને મોકલ્યા છે ! સારૂં મોંમાં કોઇ મોટી વાત છે સાલોમનના વખતના મહાન બાંધકામો અને કોતર કામને ઇજીપ્ટની પીરામીડ અને એનો આ । જુઓ સાથે સરખાવેલ અને આ ટાંકા પહાડમાંથી કોતરી કહાડેલ કહો અને ખુદ સાલોમનના વખતના છે એમ માનવામાં આવે તેણુ । પ્રિય વર્ણ

ચકો! જો તમારે યૂરોપ જતા રસ્તામા એડન ખાતે ઉતરવાનું હોય તો આ ટાકા જોવા જજો અને તેમાં વખતે કાઇ મ જેવોબી આનદ ન આવે તોપણ તેના બને તેમના વખાણ કરજો અને પરાણે પગાળે પાચ પચીસ સવાલ પણ પૂછજો નહિતો ફે ! તમાં ખપરો એડન ! એડન ! જોવાઇ રહ્યું સ્ટીમરપર પહોચવાનો વખત થવા આવ્યો હવે એ નવો મીઠો છોડવો જોઈએ

સ્ટીમરપર જતી વખતનો દેખાવ વર્ષોના વર્ષો સુધી મારા મગજમાથી ભૂલાશે નહિ ટાનસાના રજકણોથી સ્ટીમર બેગમ જાણે કાળો નેમાસ સજી રહ્યા । મારતી હની આપણે તો આપણી જગાએ સુખરુપ પહોચી ગયા તા ૧૦-૧૧-૯૪ની સાજના બેગમ દરિયામા આગળ વધી આ વખતે બેગમ સાહેબ થકી સ્ટીમરમા આમતેમ આગ ળવાજેવુ ન હતુ ખીસામાં હાથ નાખી અનગના અનગ ઉભા રહી જોવાજેવુ હતુ આ જો હરવા ફરવાનુ બધુ તો કમબખ્તી સમજવી ફરતા ફરતા યા હાથ લાગી ત્તર ત્યાં કાળી જાપની વધામણી સમજવી

બલી સ્ટીમર બેગમે એ સ્થિતિમાં દશેક કલાકની મુસાફરી કરી હો તે દરમ્યાન તો ધમધમ કરતા મગજો તથા આમતેમ સ ખાદ્યાખાધ દોડાદોડ કરતા ચાલાક મેંમરોએ તેને નોવી સાફ કરી મૂકી કે એક કલાકના અરસામા કોઇ તનેસમાતથી જો તે આગા ઉ જેવી ચકચકાટવાળી બની ગઇ આખી સ્ટીમરમા એક પણ ડાઘો નાનો સરખો પણ નજ જોવામા આવે નહિ પણ આહા ! આ એક નવી પીડા ઉભી થઇ આવવી બધી ગરમી ક્યાથી ફુટી નિકળી ? તરતજ અમોએ સાભળ્યુ કે આપણે રેડસીમાં આવી પહોચ્યા છીએ મે સાંભળ્યુ હતુ કે રાતો સમુદ્ર ઘણોજ ગરમ રહે છે તેનો આજરોજ અહીં જાતે અનુભવ થયો ચામડી તો બળુ બળુ થવા લાગી સદરાનું સ ધાનાશ અને બેચેની ખાણુ ખરાબ એવી હાલત થઇ પડી છુટના ડબ્બરના તળીયાં પીગળી જાય તે તો વળી વધારામા ડેકપર તો હજી ગરમી થોડી ઘણી સહન થાય પણ સુવાના રૂમમા ગયા કે કઠ-ણાઈનો પાર નહિ અરબ્બી ઈતિહા-સમા સાત દઝખખાનાની કથા આપણે વા-ચતા હતા તેમાંનું ગુમ થયેલ એકાદ દઝ-ખખાન આ હશે રાતના ખાવાનુ પણ ફાવે સુજે નહિ ખરૂ કહુ છુ કે રેડસીની મુસાફરીના પાંચે દીવસો તો આપણે તો રમત તમેતી ભાજી વગેરે નહિ જેવો ખોરાક લઇને સુઇ રહીને ચલાવ્યુ મારા વહાલા દિન જોને તો પોતાની કેબીનમા રાત અને દિવસ ઇલેક્ટ્રિક પખા ચાલુ રહે અને બીસ્કીટોનનો મારો ચાલુ રહે એ મોજમા કાઇ ખરમી જણાય નહિ આ સ્થિતિમાં આગળ વધતાં અધારી રાતે જાણે સમુદ્રી તોફાનને વાનો ગોળો ચઢી આવ્યો હોય અને લોટને તડકવા થઇ આવ્યો હોય તેમ થવા એ—ઓના મનરજક અવાજો આવવા લાગ્યા અમને પણ જરા વિમાસ થઇ આપણે તો કેબીનમા જઇ સુઇ ગયા ચોવીસરમા જાણે બધ એકદમ મરી ગયુ અને સ્ટીમર પાછી પ્રથમની પેઠે સપાટ ચાલવા લાગી. જો-

પાછળ ગઇ તેઓએ એ સ્ટીમરને ઘેરી ઉભી રહેવાની ફરજ પાડી અમારી સ્ટીમર બહુજ ધીરે ધીરે આગળ વધતી હતી રાત પડવા આવી હતી તમામ સ્ટીમરોપર તરેહવાર વાતો ચાલવા લાગી કોઈ કહેવા લાગ્યા કે એ તો એમડનની સાથેની સ્ટીમર હતી કોઇએ કહ્યુ કે એ સ્ટીમર એમડનમાટે પાણી તથા ખાધાખોરાકીથી ભરેલી હતી અમારી મુસાફરી તો આગળ વધતી હતી એડન છોડયા અમોને ત્રણ દિવસ થયા હતા એક બે દિવસમાં જાણીતી સુવેઝની નહેર જોવાની હતી પસાર થયેલી સ્ટીમરસબંધી કંઇ ચોકસ ખબર આવ્યા ન હતા આપણે તો ગુપચુપ કેબીનમાં જઇ પરમાત્માનું નામ લઇ વિચારમાં ને વિચારમાં નિદ્રામાતાને આધીન થયા

તા ૧૩-૧૧-૧૪ની સવારમાં જરા દાતણપાણી કરી ચહપાણી લ એટલે કાંઇક ખબર મેળવવાને સ્ટીમરના ડેકપર આપણે પહોંચ્યા તેટલામાં બન ક્રુઝરો પૂર વેગમાં આવતી જણાઇ અને સીગનલ કરતી અમારી ડાબી સાઇડેથી આગળ પસાર થઈ ગઇ

બપોરના બેને સુમારે બીજી ત્રણ સ્ટીમરો સામેથી આવતી જણાઇ તેમાંની બે સ્ટીમરો અમારી જમણી સાઇડેથી અને એક સ્ટીમર ડાબી સાઇડેથી પસાર થઇ સાંજના છનો અમલ થયે દરિયો બહુજ શાંત હતો અમારી ડાબી બાજુ નાહાના નાહાના પહાડો દેખાવા લાગ્યા રાત પડી અમો જમ્યા અને રાત સુખમાં પસાર કરી

તા ૧૪-૧૧-૧૪ની સવારના સાત બજે દરિયો તળાવની પેઠે બહુજ શાંત હતો આ બે ટાકનો પૂરતા વેગથી આગળ વધતો હતો એક બ્રીટીશ ક્રુઝર પૂરતી ઝડપથી અમારી બાજુમાંથી નિકળી આગળ ગઈ હતી આખો દિવસ એમ ને એમ પસાર થયો સાંજના ૭ કલાકે ડાબી તરફ મોહોટા મોટા પહાડો ખુલ્લા દેખાવા લાગ્યા રાત પડી હમેશ પ્રમાણે ભોજન લઇ પેલા હીંદુસ્તાની ગુરખાઓની કેટલીક રમુજી વાતો સાંભળી અમો ખુશ ખુશાલ સુઇ ગયા

તા ૧૫-૧૧-૧૪ની સવારના સાત બજે હમેશપ્રમાણે દાતણપાણી કરી અમારા મિત્ર મી બમનજી પેસ્તનજી કોહોનાનીસાથે અમો સ્ટીમરની ડેકપર જઇ બેઠા ત્યાંનું કાંઇ કાંઇ ફેરફાર જણાવા લાગ્યો સૂરજ મુદલ દેખાતો ન હતો ઝાકળ બહુજ પડતી હતી ધુમસને લીધે અમારી સાથે ચાલતી સ્ટીમરો પણ દેખાતી બંધ પડી બપોરના બારને સુમારે જમણી તરફ મોહોટા પહાડો દેખાવા લાગ્યા આગળ વધતા એક પહાડ પર ખુલ્લી રીતે દીવાદાંડી પણ દેખાઇ અને તેની બાજુમાં એક બ્રીટીશ ફ્લેગ પણ ઉડતો જણાયો અમારી સ્ટીમરની બન્ને બાજુની બીજી સ્ટીમરો સીગનલ કરતી પસાર થવા લાગી એક ફ્રેન્ચ મેલ સ્ટીમર પણ જમણી બાજુથી પૂર ઝડપમાં પસાર થઇ રાત પડવા આવી સુમારે નવ બજે સામેના ભાગમાં ત્રણ ચાર બત્તીઓ દેખાવા લાગી અમો

આગળજ વધતા હતા દરિયો શાતજ હતો પેલી નવ ઝીણી બત્તીઓ દેખાતી હતી તે હવે જૂદી જૂદી ાતી લીતી અને સરદ એમ ખુલ્લી સાનુમ પ‌ વા ાગી આ બત્તીઓવિરે અમોને એક ખનાસીએ ખુલાસો કર્યો કે સુ વેજની નહેરથી થોડા માઈલ દૂ આ બત્તીઓ લાઈટ હાઉસનુ કામ કરે છે ાની આ જુએ એ લાઈટ હાઉસ પણ ેખાયુ અને ગત પડતા માવેત હોવાથી ે છોડી અમો કેબીનમાં ગયા



## અભિલાષ

(ત્રોટક)

[૧]

બહુ કાનથી અલ રહ્યા ૮ પ્રભુ!
તુજને નહી ઓળખતો હુ પ્રભુ!
મુજ પાનક માત પિતા તુ નનુ!
ગુરૂ પૂજ્ય અનુપમ મિત્ર પ્રભુ!

મુજ ઉરમા
મુજ અતરમાં

તુજ પ્રેમ સ્વરૂપ વિરાજ પ્રભુ!

[૨]

શમતા નથી આ દુખ દં પ્રભુ!
ગમતા નથી આ રસરગ પ્રભુ!
તુજને મળતા તલમ હું પ્રભુ!
મુજ અત વિ તન એજ નનુ!

તુજને મળવુ
તુ ‌ રૂપ થવુ

કયમ એ અભિલાષ પૂરાય પ્રભુ!

'નલિનીકાન્ત'

[રસકુંજ]

# કંઈ કંઈ જાણવાજેવું



### લાંબી ઉમ્મરવાળાં જાનવરો

હાથી લગભગ વરસ સુધી જીવે છે આ વાતની સાબેતીમા એટલુંજ જણવું બસ છે કે કેટલાક હાથીઓ ૧૩ વરસ સુધી તેમના ધણીઓ અને વણીઓના વારસોના હાથમા રહ્યા છે અને જ્યારે તેઓને જંગ લમાંથી પહેલ વહેલા પકડવામાં આ વા હતા ત્યારે તેમની ઉમ્મર કોણ જાણે કેટલી હશે ઉંટ ૪ –૫ વરસ સુધી ઘોડાઓ ૨ –૩ વરસ સુધી બળદ ૨ વરસ સુધી મેંઢા ૮–૯ વ રસ સુધી અને કુતરાઓ ૧૨–૧૪ વરસ સુધી જીવે છે કેટલીક જાતના પક્ષીઓ પણ ઘણી લાંબી ઉમ્મરસુધી જીવે છે સા રસ ૧ સો વરસ સુધી કાગડાઓ તેથી પણ વધારે વરસ જીવે છે એટલાજ વાસ્તે શું ડા માણસને બોલતા આપણે કહીએ છીએ કે એના વખતના કાગડા પણ મરી ગયા છે શિકારી નદીઓ પણ લાંબી ઉમ્મર કાઢે છે પોપટ ૬ –૮ વરસના ઘરડા થએલા જ ણાયા છે ગની મરઘા અને મગના બતક હંસ અને એના ૮ બીજ પક્ષીઓ દશ કે પંદરથી વધારે વરસ કાઢતા નથી એક કા ચબાને ૧૬૩૩ની સાલમાં વિલાયતના એક નામીચા મહેલના બાગમા મુકવામા આવ્યો હતો એ કાચબો છે ૧૭૫૩ની સાલમાં મરી ગયો અને તે પણ વગી ખતી મોતે નહિ પણ એક અકસ્માત બનાવથી પાણી મા રહેનારાં જાનવરો પણ ઘણી લાંબી જીંદગી કાઢે છે મગરમચ્છ ૪ વરસ સુધી જીવે છે



### અસલના વખતના ઘડિયાળો

આજ સેંકડો વરસથયાં ઘડીઆળની શોધ કરવામાં આવી છે અને અસલના વખતનાં ઘડીઆળોના કદ વજન અને કીમતમાં હાલના વખત સાથે સરખાવતા કેટલો મોટો ફેરફાર થયો છે તે જણાશે

અસલના વખતમાં ગજવામાં મુકવાની ઘડીઆળો કદમાં એક પ્યાલાની રકાબી જેવડાં મોટાં હતાં અને મોટાં ઘડીઆળોની માફક વજનદાર હતાં એક્સન બાસામાં વોચ નો અર્થ ચોકી કરવી થાય છે તે ઉપરથી ગજવામાં મુકવાના નાના ઘડીઆળોને એ નામ આપવામાં આવ્યું છે ૧૫૪૭ ના વરસમાં છઠ્ઠા એડવર્ડ રાજાની પાસે એક નાનું ઘડીઆળ હતું તેનું ઢાંકણું સોનાનું હતું અને તેની ઉપર સોનાનો દાગ ચડાવેલો હતો તેનું પેનડ્યુલમ સીસાનું હતું

આશરે ૧૫૫ ના વરસમાં વજનની જગ્યાએ કમાન લાગુ પાડવામાં આવી હતી

તેમાં એક સીધો સ્ટીલનો કટકો હતો પણ પાછળથી તેમા સુધારો કરી વિટાએલી કમાન બનાવવામાં આવી આપની પડતી હતી અને માત્ર તેમા એકજ કાટો હતો તેના ડાયલ યાને તખ્તી પીતળ અથવા રૂપાની બનાવવામા આવી હતી તખતીઉપર જે આ હાલ કાચ આવેછે તેમ કાચ નહિ હતો પણ ફકત ઢાકણ આવતુ હતુ તેનો વ્યાસ આશરે ચારથી પાંચ ઇચનો હતો એક સારૂ ને સાધારણ ધડીઆળ બનાવવાને લગભગ એક વર્ષ લાગતુ હતુ તેની કિંમત ૪૦૦ થી ૫૦૦૦ રૂા બેસતી હતી

૧૭૬૪ ના વરસમા આનર્ડ નામે એક ઘડીઆળીએ પોતાને હાથે એક નાનું ઘડીઆળ બનાવ્યુ હતુ અને તેમા ટકોરી વાગતી હતી તે ત્રીજા જયોજ રાજાને ભેટ આપ્યુ હતુ તે ધડીઆળનુ કદ એક બે આનીના જેટલુ હતુ અને તે સવળા મળી ૧૨૦ કટકાનુ બનેલુ હતુ તેનુ વજન પોણા તોલાને આશરે હતુ

દુનિઆમા સૌથી નાનામા નાનુ ધડીઆળ ન્યુયૉર્કના એક ઝવેરીની દુકાનમા હતુ તે ઇંચ લાંબુ અને એક સોનાના પેન હોલ્ડરના આકારનુ હતુ તેમાથી ઘણોજ ઝીણો વાજાનો અવાજ નીકળતો હતો તેથી આ કલાકના સ્થાનઉપર તે ઘડીઆળ ચોકસ ખબર કરતુ હતુ તે ઘડીઆળમાં એક છ ચના સોળમા ભાગના વ્યાસની ત્રણ ઝીણી ડાયલો ગોઠવેલી હતી તેમાની એકમા એક વાડીઆના દહાડા બીજામા વર્ષના બાર મહીના અને ત્રીજામા કલાક મીનીટ અને સેકંડ જણાતી હતી એ ઘડીઆળ માટે એવુ કહેવાએલુ છે કે તેના જેવુ નાનુ ઘડીઆળ દુનિઆમા માત્ર એકજ બનાવવામા આવ્યુ હતુ અને એવુ બીજુ કદિ પણ બન્યુ નથી તે એક જર્મન ઘડીઆળીએ બનાવ્યુ હતુ અને તે બનાવી બરાબર ચાલુ કરવાને તેને બે વર્ષ લાગ્યા હતા

---

## હાથીનો પસ્તાવો

માણસજાત પોતાના વાંકને માટે પસ્તાવો કરેછે તેમ હાથી પણ પોતાના વાંકને માટે પસ્તાવો કરેછે એવુ જણાય છે બરમાના થીબા રાજાનો હાથી ઘણો તોફાની હતો એક વખત રાજાએ હાથીઓ વખાણવા માટે હાથીપાસે માવત ઉભો હતો ત્યા કહ્યું ત્યારે માવતે તે હાથીને ઘણો વખોડયો જે આવો ખરાબ છે ને તેને છોડવો નહિ વગેરે વચનો માવતે કહ્યા તે હાથીને બહુજ લાગ્યા હશે રાજાએ માવતનુ કહ્યુ ન ગણતા તેને છોડવાનુ કહ્યુ તેથી માવતે હાથીને ખીજની મસ્ત કર્યો ત્યારે બીજા હાથીઓસાથ તેને છોડયો તેવોજ તેણે સૌના દેખતાં માવતને ઉપાડી ત્રણવાર ઉંચે ફેંકી અફાળ્યો

મારી નાખ્યો માવત મરી ગયાના ખબર તેની સ્ત્રીને થયા એટલે તે સ્ત્રી પોતાના છોકરાને તેડી હાથીપાસે આવી ઉભી રહીને તેને ગાળો દેવા માંડી ને કહેવા લાગી કે લે હવે અમને પણ મારી નાખ એ રસે પશુ રૂ છે તુને જરા પણ વિચાર ન આવ્યો વગેરે અનેક કડવા વચનો કહ્યા આ વખતે સૌ લોકોને એમજ લાગતુ હતુ કે તે બાઇની છોકરાને હાથી મારી નાખશે પરંતુ તેમ ન કરતા તેણે જે વચનો કહ્યાં તેથી તે શરમાતો હોય તેમ માથુ ને સુંઢ નીચી નમાવી જાણે પોતે પસ્તાવો કરતો હોય તેમ જણાતુ પછી હાથીએ તે માવતને ઉપાડી તે બાઇના ખોળામા મૂકયો છોકરો માવત હતો પારે જેમ હાથીની ગરદન પર ઉભો રહેતો તેમ જઇ ઉભો રહેતા પણ તે કાંઇ બોલ્યો નહિ ને છોકરાને ઉપાડીને પોતાની ડોકપર જે ઠેકાણે તે છોકરાનો બાપ બેસતો ત્યાં બેસાડ્યો લોકો આશ્ચર્ય પામ્યા રાજાએ બાઇને કહ્યુ કે તુ હાથીને બોલાવી અહીં લાવ તેથી બાઇએ હાથીને બોલાવ્યો તેથી ત્યાં આવી ઉભો આ ઉપરથી રાજાએ કહ્યુ કે હાથીનો માવત તુજ પછી બાઇ તે હાથીપર બેસી જતી હાથીએ તે બાઇના છોકરા સિવાય બીજાને માવતતરીકે પોતાની ગરદનપર બેસવા દીધા નહિ ફક્ત તેના અસલ માવતના છોકરાનેજ તે જગ્યા તેણે આપી

---

---

# — સાભિપ્રાય સ્વીકાર —

**રસમંજરી**— બનાર તથા પ્રકટ કરનાર મોરબી નિવાસી બાપુશંકર કુબેરજી શુક્લ કિંમત આઠ આના મુખપૃષ્ઠમા ચિત્તાકર્ષક સુંદર ચિત્રસાથેના આ પુસ્તકમાં પ્રભાસવર્ણન તિરોવ્રજ ચરિત્ર ઉદ્ધવ શતક માયા વિજય નાટક મદ મહેશ સવા સમદ (જેમાં ઉર્વશી મેનકા, રાજા અને પરમહંસ વગેરે જુદા જુદા સાત સવાલ છે) વગેરે પ્રકરણોમા પદ્યરચનાનો સારો પ્રયાસ કર્યો છે માત્રામેળ પદ્યરચના અક્ષરમેળ પદ્યાની રચના તે રચનારના અભ્યાસની કસરતની કસોટી કરાવે છે તે જોવુ જોઇતુ નથી રચનારે એમા વિશેષ ધ્યાન રાખવુ પડે છે સંસ્કૃત પદ્યની પેઠે આવા ગુજરાતી પદ્યમાં પણ તેના નિયમો જાળવવાનું વિશેષ લક્ષ રાખવુ એ તેના કવિના રચનારાઓને શોભાનદ છે

---

## આ લુ વિ ષ ય ની ચ ર્ચા.

ખીલાફત-ટર્કીઆયની સુલેહની શરતોથી કચવાયને હિદુસ્તાનના મુસલમાનભાઇઓ તથા તેની સાથે હિદુભાઇઓએ પણ પોતાની દુભાયેલી લાગણી પ્રકટ કરવા ૧લી ઓગસ્ટે ત્રીજો ખીલાફત ડે પાળી કેટલાકોએ પોતાના સરમારી ટાઇટલો પણ છોડયા છે ટર્કી મહા રાજ્યના આગેવાનો સુલેહની શરતોપર સહી કરવાને પેરીસ ગયેલા છે હજીપણ ટર્કીના લાભમાટે યૂરોપ ગયેલુ ડેપ્યુટેશન બનતા પ્રયત્નો કરે છે

મહારાષ્ટ્રવાસી લોકનાયક શ્રીબાલગગાધર તિલક જેમનુ કઇ આકળા સ્વભાવનુ રાજ દ્વારીપદ પ્રખ્યાત હોવાની સાથે વિદ્વાન પણ પણ સર્વમા ય હતુ અને જેમણે જન સમૂહમા પ્યાર તથા પ્રધાનપદ મેળવેલ હતા તેઓ ઑગસ્ટની ૧લી તારીખે મુ બઇમા સ્વર્ગવાસી થયા છે લોકોની ન કલ્પી શકાય તેવી અસાધારણ સ ખ્યાએ તેમને છેવટનુ માન આપ્યુ હતુ અને કહેવાય છે કે તેમનો એક નોકર ટો તેમના તરફની અસાધારણ લાગણીને લીધે મગજનું સમતોલપદ ખોઇ બેસી તેમની બળતી ચિતામા કૂદી પડયો હતો પણ તેને તે વખતે તુરતજ બચાવી લેવામા આવ્યો હતો

ગયા વર્ષના પ જાબ પ્રકરણમા અખ્યાતિમા આવેલ સર ાર ડાયરને તેના ઉનાતગભયા તથા અધિકારી સાહસને માટે સરકારે એ ખાતામાથી રૂખસદ આપવાને લીધે તેના પક્ષવાળાઓ તેને મદદ કરવાની વિચિત્ર ચે ષ્ટાઓ કરવા લાગ્યા છે અને તેમ કરી હિદી પ્રજાનો અણુગમો વેદોવારની સાથે તેઓ સરકારે ગેરેલા ઘાવરૈખાને ભુસી ના ખવાની ઇચ્છા દેખાડવા લાગ્યા છે

ખીલાફતને અ ગે સરકાર સાથેના અસહ- કારતરફ વિદુષી એનીબીસાંટ સર સુરેદ્ર- રકરવગેરે કેટલાએક અગ્રગણ્યોએ અણુગમો દેખાડવા માડયો છે

મિત્રરાજ્યોએ સ્થાપેલુ પોલેડનું સ્વતત્ર રાજ્ય રશિયાપર આક્રમણ કરવા ગયેલુ સાથી પાછુ રશિયાના આક્રમણનુ ભોગ બ નતું જાય છે તેને બચાવવા મિત્રરાજ્યો બનતો યત્ન કરવામા ગુથાયાં છે

ચીનતરફ અ દર અ દરના કલેશે ત્યા ઘણી અશાતિ અને આખી દુનિયામા વસ- વસો પેદા કરેલ છે

ટર્કીના નેશનાલીસ્ટોને મિત્રરાજ્યોની મ દદથી વશ કરવાના પ્રયત્નની આગેવાની લેવામા ગ્રીસનું શરીર વધતું જતું જણાય છે થોડા વખત પહેલા બાલ્કન રાજ્યોમાં બ લગેરવા આગેવાની ધરાવતુ હતુ પણ જર્મન મહાયુદ્ધપછી બનગેરિયાએ પેતાનું તે પ ગુમા યુ છે અને હાલ એ સમૂદમાં આગળ પડતુ ગ્રીસ થયુ છે ટર્ક મહારાજ્યની ગ જધાની કોન્સ્ટેન્ટીનોપલથી બીજા નબરનુ શહેર એડ્રીયાનોપલ જે વળી સુ ત ટક સ ત્તામા હતું તે પછી તેપર બનગેરિયાએ આક્રમણ કરી પેતાના કબજામા લીધુ હતું પણ પ છુ ટર્કીના હાથમાંજ રહ્યુ હતુ તે વળી હાલ ગ્રીસના તાબામા આ યુ છે પ્રા ણીઓ જેમ એક સત્તાથી બીજી સત્તા નીચે પોતાના પ્રાર બ્ધઅનુસાર જાય છે તેમ જ મીન પણ પોતાના પ્રારબ્ધાનુસાર એ હા થથી બીજાના હાથપર ફર્યા કરે છ

# બોધ વચનો

લેખક—શ્રીયુત દલપતરામ ગૌરીશંકર નવલખા-જામનગર

યશની ઇચ્છા ઘણું કરી દરેક મનુષ્યને હોય છે પણ તે એકસરખી હોતી નથી સૌજન્યશાળી પુરૂષોને યશ પ્રાણ કરતાં અધિક પ્રિય હોય છે કેટલાંક એવા પણ છે કે તેને યશની બહુ દરકાર હોતી નથી પણ થોડા અપવાદ સિવાય એવો સામાન્ય સિદ્ધાંત બાંધવાને હરકત નથી કે યશની ઇચ્છાથી રહિત કોઇ મનુષ્ય હોઇ શકેજ નહિ એપરથી યશની ઇચ્છા કુદરતેજ સરજાવી છે એમ સાબીત થાય છે, તે ઇચ્છા પાર પાડવાસારૂ મનુષ્ય માત્રે નીચેના નિયમો ધારણ કરવા જોઇએ [૧] નીતિસર ચાલવું [૨] નિયમિત રીતે કર્તવ્ય બજાવવું [૩] હિંમત અને દૃઢતા છોડવી નહિ [૪] સત્ય ભાષણ અને સરલતા રાખવી

* * *

નીતિસર વર્ત્યાવગર યશની આશા આકાશ-કુસમવતજ સમજવી કોઇકામમાં યશ મેળવવાસારૂ નીતિ નિયમ અને નિશ્ચય એ ત્રણે બહુજ જરૂરના છે જ્યાં નીતિ છે ત્યાંજ યશ છે એ કુદરતી નિયમ કોઇની ફેરવી શકાય નહિજ નીતિવિના કદી યશ પણ મળે પરંતુ તે ક્ષણભંગુરજ સમજવો સ્થયી અને નિર્મળ યશ તો નીતિના અવલંબનથીજ પ્રાપ્ત થાય છે

* * *

અનીતિમાન વિચાર મહા અનર્થનું મૂળ છે યશ એવી સુંદર, આકર્ષક અને અમૂલ્ય વસ્તુ છે કે તે મેળવવાનું કામ બહુ દુર્લભ છે પરંતુ નીતિ તેને બહુ અંગે સુલભ કરી શકે

જાપાનીસો રશિયાસાથેની લડાઇમાં નીતિના નિયમોને ચુસ્તપણે અવલંબીને લડતા હતા તે જોઇને અંતિક ચુસ્ત પુરૂષો તેમના જયવિષે ખાત્રીબંધ થયા હતા અને એક મહાન રાજ્યસાથેની લડાઇમાં ફતેહ મેળવવાનો યશ તેઓનેજ મળશે એવું ધારતા હતા નેપોલીઅનની નીતિને ટોચે મુકનારી સોમી વતપુર તેને સુયશનો ભોકતા થવામાં અંતરાયરૂપ થઇ પડી હતી વોશિંગ્ટન પોતાના સુયશથીજ વિખ્યાત થયો છે તેનાં ઘણાં કારણોમાંનું એક કારણ તો એ છે કે તેણે ચુસ્તપણે નીતિનું શરણ લીધું હતું નીતિમાનનોજ સર્વદા જયજ છે

* * *

યથાયોગ્ય કર્તવ્ય બજાવ્યાવિના યશની આશા પાયાવગર ભીંત ચણવા જેવીજ છે નિજ કર્તવ્ય સંપૂર્ણ રીતે બજાવવું એ કુદરતી નિયમોને તાબે થવા જેવું છે કર્તવ્યભ્રષ્ટ મનુષ્ય કુદરતના એક અતિ અગત્યના નિયમનો ભંગ કરે છે તેથી તેવા માણસોની યશની આશા આકાશકુસુમવતજ થઇ પડે છે માટે સુજ્ઞ મનુષ્યે તે સર્વદા કર્તવ્યપરાયણજ રહેવું ઘટે છે

* * *

મનુષ્ય માત્રને નાનપણથી પડેલી ટેવ ફેરવવી જો કે મુશ્કેલ છે છતાં જો દૃઢતા હોય તો નિયમિતપણે વર્તવાની સારી ટેવ ધીમેધીમે પાડી શકાય નિયમિતપણે કર્તવ્યપરાયણ રહેવું એ બજાવવા ધારેલા કર્તવ્યની ચાવી બરોબર છે તે ચાવી પૂરેપૂરા ભાગમાં આવ્યાપછી યશને માટે નિરાશ થવાનું ભાગ્યેજ કારણ રહેતું નથી

---



## For Shareholders Only

# The Encyclopædic Directory Co, Limited

### ALLAHABAD

### LOANS DEPARTMENT

1 Loans are usually granted or arranged for upon the security of —

(a) Promissory notes debentures stock and other security of the Government of India or of the United Kingdom of Great Britain and Ireland and securities of the Government of Ceylon

(b) Bond debentures and annuities charged by the Imperial Parliament on the revenues of India

( ) Stock or debentures of or shares in Railway or other joint Stock Companies

(d) Debentures or other securities for money issued by or on behalf of any Municipal body or any District Broad or any body of Commissioners for making improvements in any port or of trustees of any port

(e) Life Policies having a surrender value

(f) Bullion or other goods which or the documents of title to which are deposited with or assigned to the Company as security for such loans

(g) accepted bills of exchange and promissory notes indorsed by the payees and Joint and several promissory notes of *three* or more persons or firms unconnected with each other in general partnership

2 Loans are secured only for *Shareholders of the Company*

3 The maximum amount that can be recommended for any shareholder is *five times* the face value of shares held by him

4 The minimum rate of interest charged is 9 percent and the maximum 12 percent

5 The shareholder shall pay to the Company one percent as commission on the amount of loans granted or arranged for

6 All correspondence is strictly private and confidential

# દિલ્હી દરબાર.

અનુવાદક--શ્રીયુત વકીલ

## પ્રકરણ ૧૨ મુ ચાલુ

(અનુસંધાન પૃષ્ઠ ૧૬૦ થી)

વૃદ્ધ સનાતનને બહુજ નવાઇ લાગી અને કહ્યુ 'શા માટે તેવો હુકમ છે' મારા અને મસીદના મુ નાસિવાય આ શહેરમાં કોઇ છેજ નહિ

મને તેવો હુકમ છે માટે ખોટુ નગા જતા નહિ

મોલવીને પણ બહાર જવાનો હુકમ નથી?

'કોઇને રજા નથી

ના મારે!

તે હુ જાણતો નથી શો। સવાલ પુછુ તેનો જવાબ આપો

વૃદ્ધ માથાઉપર હાથ મેલી ક્હ્યુ ાાદ સાહેનો હુકમ માનવોજ જોઇએ

તમારા અને મોલવીસિવાય આ ઘરે રમા બીજુ કોણ કોણ છે?

'હુ–મારો નોકર મદમ જાન અને દગી।

"તમને ખાત્રી છે કે તેસિવાય અ૫ કોઇ નથી ના

'ઉમરાવસાહેબ ધ્યાન રાખજો કે મારો ભય કે

'હુ આશા રાખુ છુ કે આ સાહ સારી રીતે જાણે છે કે મવાબન કોઇ દિવસ જુ ગોનતો નથી

'તમારે ત્યા બીજો માણસ છે એ બાબ તનો અમારીપાસે અગ્ગ પુરાવો છે

દુબળાં અને નબળા મનુષ્યોને કુ નર પુષ્ટ અને બળવાન કરનારી મીઠી દવા કિંમત શીશી ના આના બાર ટપાલખર્ચ ૭ આના વિશેષ વિગત જાણવાને અમારૂ મોહોટુ પ્રાઇસલિસ્ટ મગાવો

સુખસચારક કંપની—મથુરા



# આડતનુ ચોક્કસ કામ કરનારી

## દુકાન કયા છે?

આવી ચિંતા શા માટે? અમારી દુકાન તમારી ચિંતા દૂર કરશે અનુભવ કરો એટલે ખાતી થશે

હળદ તમાકુ સાકર ઘી ચોખા ગળી સોપારી ગોળ તેલ દાળ ઘઉં મરચાં— આ સઘળાંનું આડતને હિસાબે ફાયદામાર વેચાણ અમો કરી આપીએ છીએ તેમજ મશીનરી જિનપ્રેસ ચક્કી વગેરે યાંત્રિક સામાન પણ મેળવી આપવામા આવેછે

BALVANT KESHAV JADHAV
General Merchant &
Commission Agent
Victoria Market-SHOLAPOR

બળવંત કેશવ જાધવ
જનરલ મરચંટ અને કમીશન એજંટ
ઠે-વિક્ટોરિયા મારકેટ
સોલાપુર

-->પ્રખ્યાત<--

# આતંકનિગ્રહ ઔષધાલયનાં અમૃતતુલ્ય ઔષધો

---

૧ **સહસ્રપુટી અભ્રકભસ્મ**—ક્ષયજેવા ભયંકર વ્યાધિને મટાડવામાં આ આયુર્વેદોક્ત શાસ્ત્ર અને અનુભવ એ બન્ને પ્રમાણોથી સિદ્ધ થયેલ છે ઉધરસ દમ અશક્તિ વગેરેને તો તે તરત મારી હઠાવે છે કિંમત તોલા ૧ ના રૂપિયા ૫ પચ્ચાસ

૨ **ઉંચી કિંમતનો ઉંચો સુરમો**—આંખના ન મટે તેવા હઠીલા દરદોને પણ હઠાવીને આંખોને રોગરહિત અને તેજસ્વી કરેછે કિંમત તોલા ૧ ના રૂ. ૨૪ ચોવીસ

૩ **લોહભસ્મ**—લોહીને સુધારેછે લોહીને વધારેછે અને શરીરને લોઢાજેવું મજબુત બનાવેછે શરીરને ઘસાઇજતું તુરત અટકાવી તાકાતદાર બનાવેછે કિંમત તોલા ૧ ના રૂપિયા ૫ પાંચ

૪ **આરોગ્ય અવલેહ**—શરીરમાં તાકાત અને સ્ફુર્તિ આપેછે પાચનશક્તિને સુધારેછે મૂત્રકૃચ્છ્રતા અને પથરીને મટાડેછે દુઃખતા હરસને શાંત કરેછે અને વખતવગર ધોળા વાળ થઇ જવા તેને અટકાવેછે કિંમત તોલા ૨ શીશીના ડબા ૧ ના રૂ. ૨-૮-

૫ **હરીતકી અવલેહ**—શરીરમાં ક્ષયરોગના બીજરૂપ ગણાતી ઉધરસ આ અવલેહના સેવનથી નાબુદ થાયછે તેનાથી દસ્ત સાફ આવેછે કફનો પ્રકોપ મટેછે અને અખંડ આરોગ્ય તથા બળ ટકી રહેછે કિંમત તોલા ૨ ના ડબા ૧ ના રૂ. ૨ બે

૬ **અમૃતાર્ણવ અવલેહ**—પિત્તપ્રકોપથી સંતપ્ત થયેલ લોહી તથા વીર્યને સુધારી શરીરને શક્તિવાળું તથા તેજસ્વી બનાવેછે વાહ્યશક્તિને સતેજ કરેછે સંગ્રહણીજેવાં દુષ્ટ દરદોનો નાશ કરેછે અને ઘડપણને દૂર રાખેછે કિંમત તોલા ૨ ના ડબા ૧ ના રૂ. ૨ બે

૭ **વાજીકરણ તેલ**—કામપુરુષત્વ મટાડવામાટે બહારથી લગાવવાના ઇલાજરૂપે આ તેલ અદ્વિતીય-ચમત્કારિક છે કિંમત તોલા ॥ ની બાટલી ૧ ના રૂ. ૫ પાંચ

૮ **બાળમિત્ર**—બાળકોને તંદુરસ્ત તેજસ્વી તથા તાકાતવાળા બનાવવાને આ ગોળીઓનું સેવન કરાવવું જોઇએ કિંમત નંગ ૪ ગોળીની ડબી ૧ નો રૂ. ૧ એક

૯ **આતંકનિગ્રહ ગોળીઓ**—શક્તિની તમામ દવાઓમાં અજબ સત્તા ધરાવનારતરીકે પ્રથમપદ ભોગવતી આ ગોળીઓ અપૂર્વ તાકાત આપનારી ચમત્કારિક ગોળીઓ છે કિંમત ગોળી ૩૨ ની ડબી ૧ નો રૂ. ૧ એક

વધારે દવાઓની વિગત જાણવાને અમારું પ્રાઇસલિસ્ટ મંગાવો

**વૈદ્યશાસ્ત્રી મણિશંકર ગોવિંદજી**

**જામનગર**—કાઠિયાવાડ

અધિપતિ શંકરલાલ મણિશંકર ગોવિંદજી બી. એ.

# અંકુશ.

# ANKUSH

પુસ્તક ત્રીજું ] આશ્વિન [ અંક ૧૨ મો





લાખોટો-કોઠો—જામનગર

વાર્ષિક લવાજમ હિંદ માટે ,, ૨-૮-૦

,, ,, દેશાવર માટે રૂ ૩-૦-૦ પોસ્ટેજ સહિત

જામનગર—કાઠીયાવાડ

Printed at the Atank Nigrah Printing Works-Jamnagar

સજીવનામૃત આષધાલયમા બનાવેલી—

## તાવ તથા કોલેરાની ગોળીઓ.

હિંદુસ્તાનની હવાને અનુકૂળ પડતો, કદીપણ ખાલી નહિ જાય તેવો ઉપાય એક વખત મોતના પંજામાથી છુટવુ હોય અને અમરપણું ધારણ કરવુ હોય તો આ અમારી બનાવેલી તાવની ગોળીઓ વાપરો આ ગોળીઓ સઘળી જાતના તાવ તથા તેમના ઝેરનો એકદમ નાશ કરેછે ઇન્ફ્લુએન્ઝા મલેરિયા નેમુનિયા ટાઢીયા ગરમ, એકાંતરા ચોથીઆ પ્લેગ વગેરે જાતના તાવો માટે આ ગોળીઓ ઘણીજ અકસીર છે કિ ગોળી ૩૨ ની ડબ્બી ૧ નો રૂા ૧

કોલેરાની ગોળીઓ ઝાડો તથા ઉલટીમાટે અકસીર છે કિ ગોળી ૩૨ની ડબી ૧ નો રૂા ૧ વાપરવાની રીત ડબી સાથે આવશે

સઘળો પત્રવ્યવહાર અમારા એજટ સાથે કરો

| | |
|---|---|
| સોલ એજન્ટ | વૈદ્ય શાહ શીવજી જેઠાભાઇ |
| શાહ જેઠાભાઈ રતનસિંહ મોમાયા | જાદવજી |
| બુકસેલર | પ્રોપ્રાઇટર—સજીવનામૃત આષધાલય |
| ૬ માડવી અખઈ પુલઉપર | હેડ ઓ—નાગલપુર ઠેઠ પે સ્ટ—માડવી |
| મુબઈ ન ૩ | બ્રાચ કચ્છ—માડવી મદ્ર |

સજીવનામૃત સગાજ નામનુ પુસ્તક મફત મોકલવામાં આવશે પોતાનું નામઠામ ઠેકાણુ શુદ્ધ અક્ષરે અમારા એજન્ટને લખો

---

## માગ મરદોને માટેજ

### મસાર સુખમા અજાયબ મદદ

### પુરૂષ રત્ન ગોળીઓ

આ ગોળીઓમા નાઠપણુ નકારથી મદદ પડેલી શક્તિને નીપ્ત કરે છે સુસ્તી મતાતાનીને દૂર કરી પુરૂષત્વ બક્ષે છે ફક્ત થોડાજ દીવસમા મોટો ચમત્કારીક ગુણ બતાવે છે

કીમત ગોળી પાચનો રૂા ૧।

એ એમ જી હજુરી

ઝાંપાબજાર—સુરત

---

અગ્નિનો ધાસ્તી વગરના, ગજવામા રાખવાના



## વિજળીના દીવા

## ELECTRIC POCKET LAMPS

તેન - દીવાસળીની જરૂરવગર ફક્ત એક ચાપ ખસેડતાજ રોશની થાયછે કિમત—રૂા ૨।।, ૩।। ૪, ૫ ૬, ૭ અને ૮ પોસ્ટેજ ૮ આના, સ્પેર બેટરીનો રૂા ૧

ઠેકાણુ—સી ગોવિંદ એન્ડ કંપની—અમદાવાદ

For Shareholders Only

# The Encyclopædic Directory Co, Limited

*ALLAHABAD*

LOANS DEPARTMENT

1 Loans are usually granted or arranged for upon the security of —

(*a*) Promissory notes debentures stock and other security of the Government of India or of the United Kingdom of Great Britain and Ireland and securities of the Government of Ceylon

(*b*) Bonds debentures and annuities charged by the Imperial Parliament on the revenues of India

(*c*) Stock or debentures of or shares in Railway or other joint Stock Companies

(*d*) Debentures or other securities for money issued by or on behalf of any Municipal body or any District Broad or any body of Commissioners for making improvements in any port or of trustees of any port

(*e*) Life Policies having a surrender value

(*f*) Bullion or other goods which or the documents of title to which are deposited with or assigned to the Company as security for such loan

(*g*) accepted bills of exchange and promissory notes indorsed by the payees and Joint and several promissory notes of *three* or more persons or firms unconnected with each other in general partnership

2 Loans are secured only for *Shareholders of the Company*

3 The maximum amount that can be recommended for any shareholder is *five times* the face value of shares held by him

4 The minimum rate of interest charged is 9 percent and the maximum 1° percent

5 The shareholder shall pay to the ComPany one percent as commission on the amount of loans granted or arranged for

6 All correspondence is strictly private and confidential.

## — વિષયાનુક્રમ —



# અંકુશ

— પુસ્તક ૩ જું, વિક્રમ સંવત્ ૧૯૭૬ —

## વિષયાનુક્રમ



# અંકુશ.

ANKUSH

પુસ્તક ત્રીજું — આશ્વિન ૧૯૭૬ — અંક ૧૨ મો


## "ઈશ્વરેચ્છા બલીયસી"

(હરિગીત)

જન ઉછળે દુખ ઊર્મિઓ સંસાર સિંધુ પરપગે,
બધન ફરૂ જીવનતણી ઇચ્છાશિ નૈકા ખરે,
પામે શિશુ સુખ સ્વર્ગનું ગોદે છુપી નિજ માતની
તેથી અધિક મરજીમહીં સુખ મળતુ જગતાતની

બળતુ હૃદય સંતાપવા મગરૂ મહીં ગભરૂ બને!
વિભુ રામની શય્યાવિના આ રામ બીજે ના મળે,
આદેશ જે કિરતારનો કર્તવ્ય તેહને હું ગણું,
'મારું ધણીનું થાય છે ' એ પાઠ અંતરમાં ભણું

મન પંખીડું ઉડવા મથે સંસારકેરી જાળમા
મુક્તિ પુરી પથ ના મળે સાચો ભટકે શ્યામમા
ઇચ્છા પ્રભુની આત્મકેરા પુષ્પને વિકસાવતી,
સ્વાતંત્ર્યતા મુજ હૃદયમાં વિભુ આશરે વિરાજતી


કોલેજ છાત્રાલય
ગિરિનગર

રમણિક ન. મહેતા

# મહાન વક્તા ડિમાસ્થનીસ.

## તેના જીવનપર દૃષ્ટિ

લેખ —શ્રીયુત માધકવિ-જામનગર

ન નિશ્ચિતાર્થાદ્વિરમતિ ધીરા એ રાજર્ષિ ભર્તૃહરિનું કહેવું સત્ય છે ગમે તેવું કઠિન કાર્ય કેમ નથી હોતું ? પરંતુ દૃઢ પ્રતિજ્ઞ માણસ તેની પાછળ નિરંતર પરિશ્રમ કરતો રહે તો તે છેવટે સિદ્ધ કર્યા વિના રહેજ નહિ શું વિજ્ઞાનવેત્તા અગર તો શું મહાકવિ! સઘળા પરિશ્રમ કરવાથીજ મહાપદે પહોંચે છે એમાં કાંઈ સંદેહ નથી ઇશ્વર દત્ત પ્રતિભા કવિઓને કવિત્વશક્તિ નામે રવામાં ઉત્તમ સહાયતા કરે છે એ કથન સત્ય છે પરંતુ પરિશ્રમવિના કેવળ ઈશ્વરદત્ત પ્રતિભાથી કાંઈ થતું નથી સંસારમાં જેમણે ખ્યાતિ મેળવી છે તેમને ઘણાં કષ્ટ સહન કરવાં પડયાં છે અને પુષ્કળ પ્રતના દુઃખ પણ તેમને સહન કરવાં પડયાં છે કવિ કાલિદાસ કે જેમની ઉજ્વલ યશોજ્યોત આજે સાહિત્ય શિખરઉપર ફરકી રહી છે તે પ્રારંભમાં એટલા જ્ઞાની હતા કે ઉષ્ટ્ર શબ્દ શુદ્ધ રીતે ઉચ્ચારી શકતા ન હતા પણ આગળ જતાં તે કવિ કુમારસંભવ રઘુવંશ વિક્રમોર્વશી આદિ મેઘદૂતની ઉત્તમોત્તમ સુંદર પણ પ્રાકૃત કાવ્ય રચના કરવા શક્તિમાન થયા.

શું આ સઘળું કાકતાલીય ન્યાયથી સિદ્ધ થયું ? નહિજ પણ કાલિદાસને કોણ જાણે કેટલાંએ વર્ષોસુધી ભગવતી સરસ્વતી દેવીની ઉપાસના કરવી પડી હશે ત્યારે તે આવા પ્રકારના ઉચ્ચપદે સ્થિત થયા. સંસારમાંના ઇતિહાસના કે પ્રાચીન રાજનીતિજ્ઞ તત્ત્વવેત્તાઓ સાહિત્ય અને વિજ્ઞાનના સમર્થ વિદ્વાનો વગેરેના જીવનવૃત્તાંતો ચોખ્ખી સાક્ષી આપે છે કે કઠિન પરિશ્રમઆગળ કોઇપણ કાર્ય અસંભવિત નથી અને તેવાજ નિરંતર પરિશ્રમથી જેણે પોતાને યુનાનનો એક પ્રસિદ્ધ વક્તા કહેવરાવ્યો અને પોતાનું નામ ઇતિહાસના પાનાંપર ચિરસ્મરણીય રાખ્યું એવા ડિમાસ્થનીસનું જીવનવૃત્તાંત વાચક આગળ રજુ કરવા આવે છે

ડિમાસ્થનીસ અથેન્સ શહેરનો રહેનાર હતો તેની ઉમર જ્યારે સાત વર્ષની થઇ ત્યારે તેના પિતાએ હાથુ નાગુર મહાભૂમિનો ત્યાગ કીધો મરતીવખતે તેણે પોતાપાછળ પુષ્કળ પૈસા મુકયો પણ તેના રક્ષણમાટે જે ત્રણ પુરુષોને નીમ્યા હતા તે ઘણાજ કપટી અને નીચ ભાવનાવાળા હતા તેમણે ડિમાસ્થનીસની બાલ્યાવસ્થાનો લાભ લઇ ઘણું દ્રવ્ય હજમ કીધું

એ તેમની હદ સાંસુધી પહોચી કે ડિમા સ્થનીસના વિદ્યાગુરૂને ફી અગ્ગી પા પુરી આપી નહિ અને તેથી તેનો વિદ્યાભ્યાસ અધુરોજ રહ્યો. ડિમાસ્થનીસ બચપણથીજ દુબળો હતો. તેની માતાની તેનાપર બહુજ પ્રીતિ હતી પોતાના પુત્રને આકરા પરિશ્રમનાં કામો કરવા દેવા નહિ એવી તેની ઇચ્છા હતી આ તેના લા માં ઉછેરવાના ીના સ્વભાવમાટે ડિમાસ્થનીસના સાથીઓ તેની હાંસી કરતા

એકવાર કેલીસ્ટ્રેટસનામના એક વક્તાએ જાહેર વ્યાખ્યાન આપ્યુ જે સાભળવાને માટે ઘણા પ્રસિદ્ધ ગૃહસ્થો એક ા થયા હતા ડિમાસ્થનીસે પણ તે ભાષણ સાભળવા જવાની પોતાના માસ્તરપાસે આજ્ઞા માગી પ્રથમ તો તેણે આનાકાની કરી પણ પછી ખુશીથી રજા આપી ડિમાસ્થનીસે આનંદપૂર્વક તે ભાષણ લક્ષ આપી સાભળ્યુ સરળાગ્રે ે મોટે કેલીસ્ટ્રેટસની વક્તૃત્વશક્તિમાટે વખાણ કરતા હતા તે સાભળીને સમાજમાં વક્તાઓની ી મહત્તા છે તેનો પ્રકાશ ડિમાસ્થનીસના અંતરમાં સારો પ ો તે સાથે પોતે વકતા બનવાની તેની અભિલાષા સતેજ થઇ વળી કેલીસ્ટ્રેટસ ુ ામ વાસીઓ તરફથી ચએન ઉત્તમ ાગત જોઇને તો તેની મહત્વાકાંક્ષા અધિકજ વધી

ડિમાસ્થનીસે એ િવસથી રાત ્ વા ્ મુખ ી ુ અને ે ીસ્ટ્રેટસ અ ા ભા ા ત્યાસુ ી ડિમાસ્થનીસ વર્તમાન તેની પ ી રહ્યો તે ે વના ા નવાને અવિરત પ્રયત્નો આર ભ્ યો ા કેલીસ્ટ્રેટસના ભાષણથી ડિમાસ્થ નીસના ્ વનનું એટલું મહ ુ પરિવર્તન થયુ ે તેનો સ ક પ હવે એજ હતો કે પોતે તુરત વકતા ી રીતે બની ે

હાનમાં તેની ઉમ્મર હવે ૧૮ વર્ષની થઇ હતી તેણે પોતાના રક્ષણાર્થે રહેલા સગા સબધી નોકરો વિગેરે ઉપર પોતાના પિતાનું દ્રવ્ય હરણ કરવાનો ાવો મા યો તેમા ડિમાસ્થનીસને પોતાના ન રક્ષકોની વિ દ મ્હેનુ પા પ ા યા ી પ્ર ીમન ઉગનસી પરી ત્યારે તેમા તેની ત થઇ પણ પ્રતિસ્પર્ધિ ઓએ પ્રથમથીજ કેટલોક માલથાન ઉ ાડી દીધો હતો એટલે પિતાની સંપત્તિથી તે બેનસીબ રહ્યા હતો એ કેસથી પ્રત્યક્ષ એવો તેને કાઇ લાભ થયો નહિ પણ તેની વક્તૃત્વ શક્તિ કાઇક વધારે ખીલી ઊઠી

ડિમાસ્થનીસે જ્યારે પોતાનુ પહેલુ જાહેર ભાષણ જનસમાજમાં આપ્યુ ત્યારે લોકોએ તેની હાંસી ી કેમકે તેને વહ ધીમુ બો ાની ટેવ તી તે સાથે તે શ ોચ્ચાર પ ા સ્પષ્ટ કરી કનો નહતો ગી તેને તુરતતુરતમાં શ્વાસ ચઢી આવતો એટલે બોલતા બોલતા તેને વચમાં અટકવુ પ તુ ેનુ પરિણામ એ આવતુ કે તેના આરંભ વચગાળે એક મ ગભ સમ ્ વ ા ા નહિ અને લોક ન ગમી પ ા

સના વિસર્જ ા થયા પછી ડિમાસ્થનીસ હરમાટી ની ાં ેડ આમતેમ ફરતા ા ા ારે એક હદ માણુસે તેની ્ ગ ુ લગી હતાશ કેમ થયા ? માપમાં જેમના ો તો લાભ નપેથી હસત ે ન ે મ

રાબર પ્રયત્ન રો તો તેજ તમારી પાછી પ્રશસા કરશે

કેટલાક દિવસસુધી તેની જનસમાજમા ારાબર માનપ્રતિષ્ઠા ન થવાથી તેની આ લાલતા હવે સુઝવા લાગી તે કહેવા લાગ્યો કે- અહા ! કેવી આશ્ચર્યની વાત છે? હુ વક્તા બનવાને યત્ન કરૂ છુ રાત્રિદિવસ તેજ ામ પાછળ મડ્યો રહુ છુ તો પણ જનસમાજ મારા ભાષણપર પુરતુ ધ્યાન પણ આપતો નથી અને બીજા આગ મગડ બોલવાવાળાઓનુ સ માન થાય છે

એ સાભળી સેટાઇરસે ક્હ્યુ- ડિમાસ્થનીસ! નિરાશ ન થાઓ આજે શ્રાતાઓ તમારા ભાષણઉપર તાળીઓ પાડે એવો તમને વશીકરણ મત્ર બતાવુ જે વિાયકપર ત ારે ભાષણ આપવુ હોય તેનો મોઢો હ્હેરો મને આપો

ડિમાસ્થનીસે વિષય બતાવ્યો સેટાઇરસે તેમા યથાચિત થોડુ ઘણુ ઉમેરીને હાવ ભાવ સાથે એવીતો પદ્ધતિથી તે કહી બતાવ્યો કે જે એ સાધારણવાત હતા અસાધારણતા ભરેલી અદ્ભુત થઈ પડી !

ડિમાસ્થનીસને હવે સમજાયુ કે હાવભાવ સાથે હેવાથી તેની વાતાપર જાદુઇ અસર થાય છે

સેટાઇરસે આગળ કહ્યુ વક્તૃત્વનો આશય ગમે તેવો ગભીર અને ઉત્તમ હોય તો પણ જો બોલવાની છટા, ક્હેવાનો વખત અને હાવભાવ એ દ્દષ્ટિ આશય અનુસાર ન હોય તો સમાજઉપર તેની કાઇપણ અસર થતી નથી ઉઘા ઘડાપર ગમે તેટલુ પાણી રેડવામા આવે પણ તે વ્યર્થ છે

એ પછી ડિમાસ્થનીસે એકાન્તમા પોતામાટે એક પાઠનાલય બનાવ્યુ જ્યા તે હમેશા પોતાનો ઉચ્ચોસ્વર થવા શુદ્ધ ઉચ્ચાર કરવાની ટેવ પાડવા અને વક્તૃત્વશક્તિની ખીલવણી માટે અભ્યાસ કરવા જતો અને કોઇ કોઇ વાર બબ્બે ત્રણત્રણ મહીનાસુધી ત્યાજ રહેતો વળી તે દરીયાના કિનારે જતો અને જ્યારે સમુદ્ર લહરીઓ પવનના વેગથી ગર્જના કરી મુકતી ત્યારે તે ઉચ્ચ સ્વરે ભાષણ શરૂ કરતો કે જેથી જનતાના ઘોઘાટમા પણ ભાષણ કરવાનો અભ્યાસ પોતાને થાય ભાષણમા પોતાને હાવભાવ કરવાની બરાબર ટેવ પડે તે સારૂ તેણે એક અરિસો રાખ્યો હતો તે અરીસા સામે ઉભો રહી તે એકવાર પોતે ભાષણ કરતો અને તે પછી એ જાહેર મેળાવડામા ભાષણ આપતો તેને ભાષણ કરતી વખતે ખભા હલાવવાની ટેવ ખરાબ હતી એ ખોડ દૂર કરવાને માટે તેણે એવી એક યુક્તિ કરી હતી કે પોતાના ઘરમા એક ટેબલ રાખી ઉપર ઉચે બે ઉઘાડી તરવારો ટાગી હતી કે જે પોતે ટેબલઉપર ઉભો રહી બોલે ત્યારે ખભો હલાવવા જતો ત્યા લટકતી તરવારોની અણી તેના ખભાપર ખુચતી તેથી એ આદત તેની ગઇ તે બોલતા જરા અચકાતો હતો એ દૂર કરવામાટે મોઢામા કાકરા રાખીને

બોલવાનો તેણે અભ્યાસ કર્યો તેમ લાંબો દમ ખેંચવાની ખાતર તે ઉંચા પહાડોપર ચડતો અને શ્વાસભેર ઉતરતો અને ઉતરતી વખત તે પોતાનું ભાષણ જોસથી બોલતો બોલતો ઉતરતો.

તે કોઈ કોઈ વાર પોતાને અરણ્યમાંથી હજા નત કરતો કે જેથી તે પોતાના વક્તૃત્વ શક્તિના પરિશ્રમથી મનમાં કંટાળી બહાર હિંડવા જવાની ઇચ્છા થાય તો તે અડધું માથું-વિરૂપતાભરેલ થઇ જતા શરમથી અટકાય કોઇ માણસ જો મળવા આવે અથવા પોતે અન્યને મળવા જાય તો વાતચીતમાં એવાજ વિષય પસંદ કરતો કે જેનાપર પુષ્કળ વાદવિવાદ કરી શકાય અને તેથી પોતાની વક્તૃત્વશક્તિ વધે પોતાના મિત્રવર્ગમાંથી તે છુટો થયો કે તુરત પોતાના પાઠાલયમાં આવી જતો અને જે મતવાન વાતચીત થએલી હોય તે ફરી સંભારી સંભારી ગોખી જતો અને કંઠસ્થ કરતો લોકો કહેતા કે ડિમાસ્થનીસને પ્રાકૃત વક્તૃત્વ શક્તિ નથી તે પોતાના ભાષણનો સઘળો ભાગ અથવા મુદ્દાનો ભાગ લખી રાખે છે જેથી ડિમાસ્થનીસ મોંઢેથી ભાષણ આપી શકતો નથી બધુ લખેલું ગોખી જાય છે એવી જનસમાજની માન્યતા થઇ હતી પણ જ્યારે મેસેડોનીઆના પાદશાહ ફિલીપને આથેન્સ સાથે યુદ્ધ કરવાનો વિચાર થયો તે વખતે આથેન્સવાળાએ બોઇશિયાના લોકોપાસે મદદની માગણી કરી જે જાણીને ફિલીપે બોઇશિયાના અધ્યક્ષ પાસે પોતાના ઘણા રાજદૂતોને મોકલ્યા

જેમાં એક પાયથન નામનો વક્તા પણ હતો તેણે અથેન્સવાળાઓની મુરાદવિરૂદ્ધ બોઇશિયાના લોકોમાં બહુ ઉંડી અસર કરી પણ આવા સંકટસમયે ડિમાસ્થનીસે પોતાના **સ્વદેશના હિતનું મહાન કાર્ય કર્યું** તેણે એવા પ્રકારની સરસ વાક્ધારા ચલાવી કે જે વક્તૃત્વશક્તિ અને મુદ્દાસર ભાષણ કરવાની છટાથી પોતાના દેશમાટેની બોઇશિયામાં થએલ ઉંધી અસર એકદમ બદલાઇ ગઇ

પોતાના લખવાના રૂમમાં દીપ મુકીને તે પોતાના ભાષણના વિષયો રાત્રિની રાત્રિઓ લખ્યા કરતો જે ભાષણો આગળ તેની ઇર્ષા કરવાવાળા કહેતા કે એ ભાષણોમાં તેલની વાસ આવે છે તે સવારમાં બહુજ વહેલો ઉઠતો જો કોઇ દિવસે કોઈ તેના પહેલા ઉઠીને બેઠેલ છે એવું તેના જોવામાં આવતું તો તેને બેહદ ખેદ થતો તેણે એક ઇતિહાસકારની શૈલી ગ્રહણ કરવામાટે **તેના ગ્રંથને પોતે આઠ વખત લખ્યો હતો.**

ફિલિપની વિરૂદ્ધની તેણે ઘણી ઘણી ખટપટો કરી તેથી રાજદ્વારી બાબતમાં તેના ઉત્તમ પ્રસિદ્ધિ થઇ અને ગ્રીસદેશના વતની એ તેનું બહુ સન્માન કર્યું પણ ગ્રીસના બાદશાહે પણ તેને બોલાવ્યો તેનો પરિણામ એ આવ્યું કે ફિલીપ પણ તેના તરફ આદરબુદ્ધિથી જોવા લાગ્યો

ડિમાસ્થનીસ ગીરફતાર થવાનો ... એક પ્રસંગે ... ફિલીપને ... રાજદૂતો ... ડિમાસ્થનીસે પોતાની વક્તૃત્વ શક્તિથી ...

થીવ સને મોહિત કર્યો અને તેથી ગોતિયાનો અધિકારી પેણુ તેની તરફેણમાં મળી ગયો યુનાનવાસીઓ તેની આના પાલન કરવા હમેશાં તૈયાર રહેતા યુનાનીઓને જ્યોતિ વિઓપર સપૂર્ણ વિશ્વાસ હતો અને કોઇ શત્રુ દેશપર ચડી આવતો ત્યારે તે ભવિષ્ય વેત્તાઓને દેશની થનારી સ્થિતિવિષે પુછી તા

જ્યારે ફિલીપે યુનાનપર સ્વારી કરી ત્યારે યુનાનવાસીઓએ એક ભવિષ્યવેત્તાને પુછયુ ' ફિલીપ વિજયી થશે ખરો ? '

તે બ યો— યુનાનવાસીઓ ફિલીપપર વિજય પ્રાપ્ત કરી શકશે નહિ ડિમાસ્થનીસે એ વાત બિલકુલ જુઠી હોવાનુ કહ્યુ અને વિરોધમા ફિલીપે એ જ્યોતિષીને ઘપલુ શવત આપેલી હોવાથી તે તેમ કહે છે એમ જણાવ્યુ ફિલીપે તુરત સ્વારી કરી તેમા ડિમાસ્થનીસ કાયરતા બતાવી નાસી ગયો ફિલીપે યુનાનીઓપર જીત મેળવી જેથી કેટલા યુનાનીઓએ ડિમાસ્થનીસપર એ પરાજય થવાનુ દોષારોપણ કર્યુ પણ સઘળી પ્રજા તેનાપર એટલો બધો પ્યાર ધરાવતી હતી કે તેને નિર્દોષ કહી છોડી મુકયો એ તુજ નહિ પણ થોડીજ મુદતમા તેને પોતાનો નેતા સ્થાપ્યો

કેટલીક મુદત પછી ફિલીપ માર્યો ગયો એ વાતથી આથેન્સના લોકો ઘણા ખુશી થયા તેમણે માનદ મ ર કરવા એક મેળાવડો કર્યો જે મેળા ના આગમચ સાતમેજ દિવસે ડિમાસ્થનીસની એક પ્રિય પુત્રીનુ મરણ થયુ હતુ તોપણ તેનો શોક બાજુ મુકી તે મેળાવડામા પોશાક પહેરીને હાજરી આપી તે તેની કર્તવ્યનિષ્ઠાથી ફરી સર્વત્ર તેની વાહવા થઇ તેણે પારીસના બાદશાહને સિકંદરવિરૂદ્ધ સલાહ આપવા લખ્યુ સિકંદરે આથેન્સપર સ્વારી કરી અને આથેન્સની પ્રજાનો ગર્વ મર્દન કર્યો આથેન્સવાસીઓના હાજા ગગડી ગયા તેમણે જગતવિજયી સિકંદરપાસે વકીલ મોકલ્યો જેની સાથે ડિમાસ્થનીસને પણ મોકલવામા આવ્યો પણ તે થોડેસુધી જઇ પાછો વળી આવ્યો.

સિકંદરે વકીલસાથે કહેવરાવ્યુ કે જો આથેન્સવાળા પોતાના દેશમાથી દશ વક્તાઓ આપે તો ક્ષમા મળે આ બાબતથી શહેરનું એક જોખમદાર બન્યુ તેણે જાહેર પ્રદર્શન આપ્યુ આ મરે ડિમેડસ નામનો એક વક્તા સિકંદરપાસે ગયો અને વક્તાની માગણી માટે ક્ષમા માગી ડિમાસ્થનીસે કેવળ શત્રુથી બચાવમાટે પોતાના પદરના પૈસા ખર્ચીને આથેન્સનો કિલ્લો ઘણો મજબુત કર્યો પ્રજા તરફથી તેના શિરપર રહેતુ વજન અને તેનું થતુ સન્માન જોઇ તેના પ્રતિસ્પર્ધી બહુ ખીજાયા તેનાપર એક ખોટુ તહોમત મુકી તેને કોર્ટમા ખેંચ્યો પણ આખરે ન્યાયાધીશે ડિમાસ્થનીસને નિર્દોષ ઠરાવી છોડી મુક્યો

જ્યારે સિકંદરે ભારતપર સ્વારી કરી હતી ત્યારે તે હરપેલુસ નામના માણસને પોતાનો ખજાનચી બનાવી આવ્યો હતો ભારતમાથી સિકંદર પાછો નહિ આવે એમ ધારી હર

પેનમે ઘણુ ર દ્ર ન કૌની ઠીધુ પણ જ્યારે સિકદર પાછો આવેછે એમ તેણે જાણ્યુ ત્યારે તેને બહુ ચિતા થવા લાગી બાકી રહેલુ દ્ર ન વહાણુમા ભરી પોતે આથેન્સ લઇ આ રો અને ત્યાના લોકો પાસે શરણ માગ્યુ િમાસ્થનિસે એ વાત મ્જુર નહિ રાખવા મ્હ્યુ કેમકે હરો લ્સને આશરે આપવાથી સિકદરનો ક્રોધાગ્નિ પાછો પ્રજ્વલિત થશે અને આથે સપર સ્વારી મરી એ ાનમેદાન કરી મૂકશે। માટે તેને આથે સમાથો તુરત ર ન આપ ી જોઇએ

િનગીગીસથે લખવુ પડેછે કે ડિમા થ નીસમા અદ્ર્ભુત વક્તૃત્વ શક્તિમથે એક મેટો દુર્ગ્રુ હતો સુવર્ણ મદિમા અદ્ભુત છે તેના મોહિની પણ અજા છે તેનો એ દાસ હતો એક કવિનુ કહેવુ ખરાબર છે કે–

'સ્થન ક્ય્ચતી નહી, નોભાણ્યા મહુ નો

િમાસ્થનીસને હરપેલુસે એક સુદર સોનાનો પ્યાલો ભેટ અર્પ્યો એન તેનો વિચારપલટાનો મોન થી તે લોમાનો બીજેદિવસે પોતાના કઠને ફ્રગતો રૂ વીટીને સભામા આ રો અને ભ ારથી સૂચવ્યુ કે પોતાનો કઠ બેસી ગયે છે ગળુ સેજી ગયુ છે ને બોલી શકાતુ નથી આમ કરવામા તેનો એ હેતુ હતો કે પોતાને હરપેલસ વિરુદ્ધ કાઇ બોલવુ ન પડે પણ તેની આ યુક્તિ આથે સવાસીઓ કળી ગયા તેમણે હ રેલુસને આશ્રય નહિ આપતા રજા આપી દીધી એમણે તેની તરફેણ કરી તેમનાપર કેસ ચલ ાે તેમા ડિમાસ્થનીસ પણ અપરાધી ઠર્યો અને તેનો ૫૦ ટેલટ દડ થયો તે રકમ ન આપે તો કેદ ભોગવે

ડિમાસ્થનીસને જેલમા મોકલવામા આવ્યો પણ કેટલાક મિત્રાની સહાયથી તે ત્યાથી નાસી છુટ્યો ત્યારપછી મકદુનિયાના લોકવિરુદ્ધ તેણે સખત ભાષણ કર્યુ જે સાભળીને આથે સવાસીઓએ તેને ફ્રરી બોલાવ્યો અને તેની પ્રથમ માફક ફ્રરી માન માન્યતા તે ભોગવવા લાગ્યા પણ તેના નસીબમા એ આનદ લખ્યો નહોતો યુનાનીઓના દુર્ભાગ્યના દહાડા ફ્રરી આવ્યા તે ક્રેનોની લડાઇમા હાર્યા અને મકદુનિયાના સૈનેકો આથે સમા દાખલ થયા ડિમાસ્થનીસ પાછો નાઠો અને Neptune ના મદિરમા જઇ ભરાયો પણ સિપાઇઓને તેને પકડવા મોકલવામા આવ્યા તે શોધતા શોધતા એ મદિરમા જઇ પહોચ્યા તેમણે ડિમાસ્થનીસને કહ્યુ કે અમારી સાથે ચાલો

'હુ મારા કુટુબીઓને કાઇ સમાચાર મોકલી પછી આવુ ' આમકહી ડિમાસ્થનીસ મદિરમા ગયો અને ત્યા બોલવામા કલમ રાખી વિચાર કરતો બેઠો કે જેથી જેનારને તે કાઇ લખવાનો વિચાર કરતો હોય એમ જણાય પણ વસ્તુત તેમ ન હતુ એ કલમમા કાતિલ ઝેર હતુ અને તે આવી યુક્તિથી તેણે C રસ્ય કર્યુ થોડીવાર પછી સિપાઇઓએ આવી જોયુ ત્યા મહાન વક્તા ડિમાસ્થનીસના પ્રાણ આ નશ્વર જગતને છોડી ગયા હતા!

તેણે આ કના પ્રાપ્ત કરવાને માટે લીધેલા હતા પરંતુ તેની સાથે દ્રવ્યનોએ તેના ૬ પરિણામ અને સ્વદેશમાટે ભાવણો આપી વનને કાંઇ કાલિમા આપી એમનો હેતુજ નખાતોવખત શત્રુઓની દુષ્ટતાએ કરેન પડશે
અચાત્ર એ ગુણો બ્હ સ્તુતિપાત્ર તેનામાં

---

## "ધિક્કાર!"


ા સ્વાથ ા ના ાજ ાનો
ઝેરુંગી અર ા અમેન છે
અવમશ ત્યાં કર્યાં નભાવે
ાનભેષા વ્યવહારન ૧

જ્યાં સ્વાત્મ નુ અઆરાવને
મ ાુન્ન અનર હાનતું
અજિતાપ ત્યાં શી ધારવી
સમભાવ ાિ ામ્પ્પ ા' ૨

જ્યાં હિ ાનાિ આડમ્બરી
સ્વહિતાથ સ્વીકારાય છે
ત્યાં ક પથી કુરેમાની પ્રિય'
કાા પ્યારની િન ાપ્ને? ૩

ા િન ા સદ્દ ગેગ ા
િર િ ાિા તારો
ા ૨ાજન ાજ ા ા થયા
ધિક્કાર એ અવનારો! ૪

અદ્ધકા ત મ ાભાઈ ઓઝા—રાજકોટ



# મંત્રરહસ્ય.

લેખક—શ્રીયુત મથુરારામ ભગવાનરામ—સુરત

(અનુસંધાન પૃષ્ઠ ૪૧૮ થી)

મૂળાધારથી આજ્ઞાચક્રસુધીના છ ચક્ર વિષે કંઈક વિશેષ કથન ઉપર કરવામાં આવ્યું છે. સાતમું ચક્ર સર્વથી ઉપર મસ્તકમાં બ્રહ્મરંધ્ર આગળ છે. આજ્ઞાચક્ર અને બ્રહ્મરંધ્ર અથવા સહસ્રારની મધ્યે આવેલો પ્રદેશ કારણશરીરનું સ્થાન છે. એ પ્રદેશમાં અન્ય ચક્રો અને શક્તિઓ રહેલાં છે જેના વર્ણનની આ લેખને વિસ્તાર થઈ જવાનો ભય છે એટલે તે વર્ણન કરવાનો મોહ આપણે મુકી દઈશું. મંત્ર એ નાદનું વિકૃતરૂપ છે અને તેની ગતિ ઘણી સ્થળે છે. નાદબિંદુ ઉપનિષદ્‌ના ૧૮ મા મંત્રની ટીકામાં લખ્યું છે તે ખરૂં છે કે—

नादे प्रवर्तते चित्तं नादेन सह लीयते ।

નાદની પ્રવૃત્તિથી ચિત્તની પ્રવૃત્તિ છે, અને નાદનો લય થતાં તેનો લય છે. ઉન્મની મનોન્મની અમનસ્ક અવસ્થા જે કહેવાય છે તે અવસ્થામાં મનનો લય હોય છે. ચિત્તવૃત્તિનો સંપૂર્ણ નિરોધ તે આ છે. ધ્યાનબિંદુ ઉપનિષદ્‌ના છેલ્લા મંત્રપ્રમાણે—

॥स्वात्मानं पुरुषं पश्येन्मनस्तत्र लयं गतम्॥

જેમાંથી મન નિકળ્યું હતું તેમાં તે પાછું વળીને ભળી ગયું. માણસના શરીરની રચનામાં નાના પ્રકારની નાડીઓ આવેલી છે, તેમાં આકાશ વ્યાપી રહેલું છે, વાયુની પ્રવૃત્તિ છે, પ્રાણ નિરંતર ચાલી રહેલો છે. આ બધાને પરિણામે તેમાં અખંડિત શબ્દ નિરંતર થયા કરે છે. શરીરનો એકપણ ભાગ એવો નથી કે જે શબ્દરહિત હોય. આખું શરીર શબ્દમય છે, અને શબ્દથી મંત્ર છે માટે શરીર મંત્રમય છે. જે લક્ષપૂર્વક શ્રવણ દે છે તેને તે સંભળાય છે. એ મંત્ર તે સોઽહં મંત્ર છે જેને અજપા કહે છે. પ્રાણવાયુથી શ્વાસ ઉર્ધ્વ ગતિએ ચાલે છે અને અપાનની ગતિ નીચે છે, એ ગતિથી પ્રાણ અપાનની પ્રવૃત્તિથી જે નાદ અહોનિશ, ક્ષણે ક્ષણે ગર્જના કરી રહેલો છે તે સોઽહં સોઽહં છે. ઓંકાર માટે શાંડિલ્ય ઉપનિષદ્‌માં કહ્યું છે કે

अकारादित्रयाणां सर्वकारणमेकाक्षरं ज्योतिः
प्रणवं भवतीति ध्यायेत् ।

સોઽહં મંત્ર સ્વાભાવિક છે અને તેનો અર્થ તે હું એટલે હું જે જીવરૂપ છું તેજ શિવ છે અથવા શિવ તે હું. પોતાનું સત્ય સ્વરૂપ સમજાને અંતર્માં ક્ષણે ક્ષણે જીવ ઉપ

દેશ કરે છે, શિક્ષણ આપે છે પણ સસારના મોટા ધોધાટોમાં મચેલો જીવ આ સૂક્ષ્મ સ૦ શ્રવણ કરતો નથી મનુષ્યજીવનનો પરમહેતુ શું અને તે હેતુ કેમ સિદ્ધ કરવો તે એ દર્શાવે છે મ ત્રના નાદમા જેમ જેમ ઉચે ચડાશે તેમ તેમ ઉચુ પદ પ્રાપ્ત થતુ જશે ઉ મની અવસ્થાનું પદ ભ્રમધ્યથી આઠમુ છે એ આઠના નામ લનિતાસહસ્ર નામપ્રમાણે ૧ ઇદુ ૨ રોધિની ૩ નાદ ૪ નાદાત ૫ શક્તિ ૬ વાપિની ૭ સમના અને ૮ ઉ મની અથવા મનો મની છે સહ સ્રાર પદ્મની નીચે નિ ટમાં ઉ મની છે ઇદુ થી ઉ મની સુધીમાં જે ધ્યાન થાય તે સ ક નિષ્કલ છે અને આજ્ઞા ચક્રની નીચે મૂળાધારસુધી મહિત સકલ છે કેવળ નિ ષ્કળ ધ્યાન ઉ મનીથી પર છે મ ત્રને અ તે નાદ છે ત નાદમા લીન થઇ એકરૂપ એક રસ થઇ જવાથી શાતિની પ્રાપ્તિ થાય છે જળના ઉછળતા પ્રવાહમાં વસ્તુનુ પ્રતિબિ બ ચચળ રહે છે અને તેનુ સાચુ સપૂર્ણ સ્વરૂપ સમજાતું નથી જ્યા સ્થિરતા છે ત્યા સ્વરૂપનુ સારી રીતે દર્શન થાય છે સ્વરૂપ જોનારને સ્વરૂપની ઓળખ થાય છે આ સ્થિતિ પરમ આનદની છે ઉપર જે જે ચક્રો કથન કીધા ત પ્રત્યેક ચક્રમા આનદ રહેલો છે પણ સર્વનો આનદ સમાન નથી પણ ભિન્ન ભિન્ન પ્રકારનો છે જે જીવ મ ત્ર ઉપર આરૂઢ થય છે તેને મ ત્ર આન મા લઇ જઇને મુકે છે એ આનદમાં સસારના સર્વ દુ ખો જીવ વિસરી જાય છે એ સ્થિ તિમાં સસાર તેને બાધ કરતો નથી અને દુ ખમાથી મુક્ત થવાની ઇચ્છા જે પ્રત્યેક મનુ ષ્યમા રહેલી છે તે પાર પડે છે આહા? મ ત્રનું પરિબલ કેટલું બધું છે

મ ત્રમાં જેમ તારવાની શક્તિ છે તેમજ મારવાની પણ છે તેનો ઉપયોગ સારો કરી શ કાય છે તેમજ માઠો પણ થઇ શકે છે મનન માત્ર સારા વિષયનુંજ હોતુ નથી અને તેના ઉપર મ ત્રના બળનો આધાર છે સસાર વ્યવહારમાં પણ મ ત્રની ઉપયોગિતા છે દૈવી સપત્તિ અને આસુરી સપત્તિના પ્રવાહનાં મૂળ કારણ રાગ અને દ્વેષ અનુ ક્રમે છે રાગથી સદ્ગુણો અને દ્વેષથી દુર્ગુણોની ઉત્પત્તિ છે બીજાને હાનિ કરવી એ દ્વેષવૃત્તિ છે સ ર ુ પે ગની વૃત્તિ છે કેટલાક રોગની શાતિ મ ત્રથી થતી આપણે જાણીએ છીએ તેમજ તેથી મારણ મુ ઠ પ્રયોગો પણ થાય છે સર્પ અને વિ છીના ઝેર મ ત્રથી ઉતારવામા આવેલા ઘણા દાખલામા આપણે નજરે જોયેલા છે આનદ લહરી જેનો પ્રત્યેક શ્લોક મ ત્રરૂપ મનાય છે તેનો મમ જો મરમર સમજીએ તે પ્રત્યેક મ ત્રથી શુ ફળ થાય તે આપણે જાણીએ દ્રષ્ટાત લેતા તેનો ૪ થો શ્લોક જેની પહેલી લીટી ત્વદન્ય પાણિભ્યામ્ થી અ રભ થાય છે તેનો જપ સર્વ વ્યાધિનાશકર્તા છે એનો જપ ૨૬ દિવસસુધી દરરોજ ૩ કરવાનું કહેલ છે પણ પ્રયોગમાં કયો મ ત્ર લેવાનો છે સુવર્ણનાં રૂપાનાં ત્રાબાના કે અષ્ટ કે ચાના પત્રઉપર તે કોતરવાનો છે તે તેમજ તે પત્રમા કયો બીજમ ત્ર લખવાનો છે તે બનાવનાર

ગુરૂ છે ભૂત પ્રેત, પિશાચાદિથી થતી પીડા ટાળવામાટે પણ મંત્રનુ સામર્થ્ય જગત્પ્રસિદ્ધ છે

ઉપર જે કાંઇ કહેવામાં આવ્યુ છે, તેથી જણાશે કે મંત્રનો મહિમા જેવો તેવો નથી તે ઇશ્વરનુ સ્વરૂપ છે અને તેથી ઇશ્વરની ત્રણે શક્તિઓ તેમા ગુપ્ત રીતે રહેલી છે મંત્રનો વિષય ઘણો ગહન અને કઠિન છે મોટા મોટા પંડિતો તેમા ગુંચવાઇ પડે છે તો મારા સરખા અલ્પજ્ઞનુ તો એ વિષયમા પ્રવેશ કરવાનુ ગજુ ક્યાથીજ હોય ? તેમ છતા આ લેખ લખવામા આવ્યો છે તેનો હેતુ માત્ર એટલોજ છે કે તે પ્રત્યે સમર્થ, વિદ્વાન શાસ્ત્રિમંડળનુ લક્ષ એ ચવુ કે જેથી તેઓ આ મહાન્ અગત્યના મનુષ્યજન્મનો હેતુ સિદ્ધ કરાવવાવાળા, અતિ કલ્યાણકારી વિષયઉપર વિશેષ પ્રકાશ પાડી સમસ્ત જનમંડળને પોતાને આભારી કરે મારી અલ્પ બુદ્ધિના કારણથી આ લેખમા અનેક દોષો દૃષ્ટિગોચર થશે, તને માટે સુજ્ઞ વાચક વર્ગને અને શ્રવણ કરનારાઓને મારી નમ્ર વિનતિ છે કે તેઓએ હંસની પેઠે પય ને પાણીને જુદાં પાડીને પયને ગ્રહણ કરવુ અને પાણીને ફેંકી દેવુ, તેઓના પ્રેમાળ મનની ઉદારતા હોવાથી મને ક્ષમા કરશે એવી આશા છે


---

# "સંબંધીને"

રાગતાલ-કચ્છિત

શાના તમે તો અમારા સંબંધી શાના તમે તો અમારા
આ ભવમા પાછા ભેગાવો આ ભવથી ન મુક્ત કરાવો –સ
માત પિતા ગુરુદેવ સ્વજન થઇ ખાલી કા સેવ કરાવો–સ
પતિ પત્ની, વા મિત્ર નજા હોઇ વૃથા આ વેઠ કરાવો–સ
શુદ્ધ ભવે કર્તવ્ય કથી નહિ માર્ગ ન સુખનો બનાવો–સ૦
રેવા પ્રભુપદ પ્રેમે ન પ્રીછો (તેમાં) થાવ ન સ્થિર કરાવો–સ
થાઓ તમેતો અમારા સંબંધી થાઓ તમેતો અમારા,
જો આ ભવથી મુક્ત કરાવો –સ
માત પિતા ગુરુદેવ સ્વજન થઇ સુખેથી સેવ કરાવો–સ૦
પતિ પત્ની, વા મિત્ર પ્રજા હોઇ ભલે આ વેઠ કરાવો–સ૦
શુદ્ધ ભાવે કર્તવ્ય કથીને માર્ગ સુ સુખનો બતાવો–સ૦
પ્રેમે પ્રભુપદ દાખવી તેમા સ્થિર થઇને ઠરાવો સ૦

વિદ્યાર્થી જેસંગ માવજી ચોહાણ—કગથી




લેખક—શ્રીયુત પ્રભાશંકર મગનજી દ્વિવેદી-નખનર

[૧]

સંસાર પરિવર્ત્તન-શીલ છે તથાપિ જે ભાવથી ઉત્પન્ન કરાયો છે તેજ ભાવથી હજી પણ તેવોજ છે ક્ષણે ક્ષણે રંગ બદલાય છે આજ લાલ ને કાલ પીળો કોઈ વાર ઉજળો તો કોઈ વાર કાળો રૂ જોતાં નવા રંગો ચડતાં નવા ... જૂના રંગોનું પરિવર્તન થાય છે જે ... કોઈવાર ચડ્યો તેજ રંગ આજ સુધી હોય છે કોઈવાર દુખ કોઈવાર સુખ કોઈવાર આશા કોઈવાર નિરાશા કોઈવાર ... કોઈવાર વૈર ઇત્યાદિ વિવિધ ભાવોનાં પરિવર્તનથી તે નિરંતર અસ્થિર છે કોઈ કોઈવાર કોઈ રાગની દિવાની કોણ જાણે કેટલા સૂર ... લયથી પોતાની તાનોને ગાઉ છે પરંતુ તે નથી પોતે ... સમજતી કે ... સમજવા સાંભળનારા સંસારની લીલા કાંઈક આવા પ્રકારની છે આ જીવન વીણા રાત દિવસ અનેકાનેક તાનોથી બજ્યા જ કરે છે કોઈ નથી સમજતું કે ક્યારે એક તાન તોડીને બીજી તાનને ઉઠાવશે કોઈ કોઈવાર સુખ સંગીતમાં દુખ સંગીત સમાઈ જાય છે કોણ જાણે ક્યાં ... થી આ વીણા આજસુધી વાગતી રહી અને આ વિવિધ તાનોનાં પરિવર્તન કરતી રહી

આ સંસારને ચમન કહીએ મરૂભૂમિ કહીએ અથવા કોઈ અપૂર્વ લોકનું પથ દ્વાર કહીએ શું કહીએ? હું તો ઠીક કહી શકતો નથી જો ચમન કહીએ તો લાગે કે વગ બહારજ છે કાંઈ અંદર નથી એ ... પણ વસંત સ્થિર રહેતો નથી મરૂ ... નો ... પાન કોઈવાર હૃદયને ભરતો નથી ... મરીચિકા ... છે તીવ્ર છે અથવા કોઈ અપૂર્વ ... સુધી પહોંચવામાટેનું એક ... કહીએ તો આ ચ...માં પડીને અમૂલ્ય રાતના સુખની નિદ્રા ... છે? સુવાવાળા તો મથાના વાળ પણ છોડતા નથી ચાહે તો એથી એટલું જલદીથી ચાહતું જાય તેજ સરીતત છે ... સિવાય રસ્તાથી શું લાભ? જે હોય તે તેને એક ... કહીએ આપણું હેતું ... મારી તમારી આંખો એવી નથી કે તેના જટિલ તત્વોને અજવાળામાં જોઈ લઈએ કોણ જાણે કેવું હોય તે પરંતુ ઘણાઓએ પોતપોતાનો અનુભવ અમને બતાવ્યો છે હવે આ પથારામાં ... તે ઠીક છે કે તેનો આપ ... માર્ગ ... જો ખરેખર ... મળી ગયો તો પછી શું વાંધો ...

મળ્યો તોપણ શું ચિંતા છે? એક ઉચ્ચ પ્રયત્ન થયો

હવે આ પ્રચંડ બ્રહ્માંડને એમ અસાર નિર્માલ્ય કહીએ કે લીલાનું એક વિલાસ સ્થાન કહીએ અથવા કોઇ અદૃશ્ય ગાઢ શક્તિને અધીન એક કૌતુકમય દેવ કહીએ? કાંઇ સમજાતું નથી તેની આવી ડગમગ રતી વાતો કેમ છે? કોઇ બરાબર વ્યવસ્થા કેમ નથી? જો જાણવાની ઇચ્છા હોય તો આ સઘળા નિગૂઢ તત્ત્વોમાં ડૂબીને જાણી લો તે કોઇ પ્રાચીન અચિંત્ય અને અનિર્વચનીય નિયમપર ચાલી રહ્યાં છે કયાંય લહરીયો ઉઠે છે ક્યાંય ઝંઝાવાત થાય છે કયાંય પ્રમત્તકારી મેઘ આકાશમાં ન જાણે કેટલી વેદનાથી ગર્જના કરે છે ચાતક કિલોલ કરે છે ઝંઝાનીલ ... અને ક્યાંક સુખની બંસી બજે છે આ બધું જોઇને આ સંસાર પણ ચંચળ તથા અવ્યવસ્થિત જેવો જ થાય છે પણ આજ સુધી નવા મેઘોની ગર્જના થવાથી પણ સુખની બંસી બજતી આવી છે અને વિનાસ—જેની લીલામાં કાનનું ... તાંડવ ચાલીજ રહ્યું છે આ ન્યાયની વાતો પણ જોઇને તેવીજ થય છે અને થવાનીજ છે સંસાર પોતાના નિયમ-મર્યાદાનો વ્યતિક્રમ કરતો નથી આ જીવન આ વિવિધ તરંગરૂપી કોરડા ખાય છે અને ખાતો જ કોરડા ખાતાં ખાતાં ધરણીપર પડ્યો તોપણ વૃધતાઓએ પણ ઉઠાવ્યું તો અવશ્યનુંજ છે જો કોઇ ઝપટને ઝપટ ... આ જીવનાધાર ચાલ્યાં થાય તોપણ તેને રોકી રાખે તો તો પછી તેને આ લોકનો ઇશ્વર કેમ કહેવાય? ભલે તેને અડકી શકે નહિ, સંસાર તેને ખેંચી રાખી શકે નહિ

જીવનને એમ તરંગિણી સ્વદનજો જો કોઇ ઉત્તુંગ હિમાચ્છન્ન અદૃશ્ય પર્વતપરથી નીકળીને અનેક સ્થાનોપરથી લોટન કટનોન કરતી કોણ જાણે કયાં સિન્ધુ અનંતમાં મળી જાય છે આ તીવ્ર ધારાપર આપણો હાથ રાખવો એ કઠિન સમસ્યા છે તેના ધૈર્યને મલય-વાયુના લીનન સુમનની મા ... લેવી પડશે જો ધૈર્ય ક્ષમતા રોશો તો રોવુંજ પડશે એમ નથી બનવાનું કે રોવાનો અંત તમને મીઠાઇ મળશે અથવા કોઇ દયાદ્ર ચિત્ત તમારાં આંસુને પૈસાથી ઉંડાણી લેશે જો હસતા રહેશો તો પછી શું કહેવું? આ તમારી વસંત વાટિકા બનશે અને આ તમારૂં નંદનકાનન થશે

હાલા પાઠક! અહીં આવીને વૈષ્ણવ બનવું સહજ નથી સંસાર મદિરા પીવરાવ્યા સિવાય માનશે નહિ જીવનપર એકવાર અથવા વધારેવાર નિશો અવશ્ય ચડે છે આ મેગી મોગી કુંજોમાં ઘણાના ઘડા ભર્યા છે પીવરાવવાવાળા મસ્ત બનીને હાથમાં રંગીન પ્યાલા ધરીને પુકાર્યા કરે છે મદિરા નિશાવાળી છે તીવ્ર છે સરસ છે મોહક છે અને પીવામાં પીયૂષથી પણ મધુર છે તેની મીઠી મધુર સુગંધ પારિજાતથી પણ ઉત્તમ છે પેણુ નિશો એકવાર ચડયા

પછી જલદી ઉતરતો નથી હોઠમાંથી તરસ છૂટતી નથી ઉચ્ચ પદની છાયામાં કનક ચિંતાના ચમત્કારમાં તથા કામિનીની આંખોમાં સંસારે જે નિશાયુક્ત ધારાને ખેંચી રાખી છે તેના બે ઘુંટડા પીધાથીજ શાન્તિ થતી નથી આ વિરાટ ભૂલભૂલામણીમાં ભૂલા પડ્યા રહેવું પ્રાણીઓને પસંદ છે હું પણ તે પ્યાલાને હોઠે લગાડી ચૂક્યો છું હજી સુધી તે નિશો આખો હૃદયમાં મોજુદ છે ફરીથી મતવાલા મરતોને એક એક મટકી પીવાવાળાને નિશાનો નોક ઝોક હોવો કાંઈ અનુચિત નથી, પ્યારા પાઠક–પાઠિકા વૃન્દ! જીવનમાં તે પહેલો નિશો હતો! અન્તિમ થશે કે નહિ તે કોણ જાણે? *

---

## રત્ન! ક્યાં જાય છે!

આવ ઓ રત્ન! અહીં તું આવ–ટેક
દેવમૂર્તિ યા દેવાલયમાં જઇ સાથ કબજી ના
સુવર્ણના ભૂપતિના મુકુટે તુજ કાંતિ બતલાવ–
આવ ઓ રત્ન! અહીં તું આવ ૧

અથવા સુંદર રાજ્ય રાણીનો કંઠહાર બની જા
અથવા કોઇ શ્રીમંત ભુવનમાં રહી કૃતારથ થા–
આવ ઓ રત્ન! અહીં તું આવ ૨

કંકર કુળમાં લોટી લોટી નહિ અપમાનિત થા
મણિ મુક્તાની સાથ મળે જો તો સાચુ કહેવા–
આવ ઓ રત્ન! અહીં તું આવ ૩

વૃથા ધૂળમાં પડ્યા પડ્યા રહી ગૌરવ આપ ગુમાવ
અબ એજ છે અરજ અમારી સદસ ગતિ પદ રહા–
આવ ઓ રત્ન! અહીં તું આવ ૪

કવિ અભ–વાંકાનેર

---

* શ્રીયુત રાધિકારમણપ્રસાદસિંહ એમ એ ના લેખનો અનુવાદ

॥ ॐ ॥

# सत्पुत्र नचिकेता,

યા તો

## આર્યાવર્તની ધર્મભાવના અને આત્મદૃષ્ટિ.

લેખક—શ્રીયુત દલપતરામ ગૌરીશંકર નવલખા-જામનગર.

(અનુસધાન ગયા અંક ૮ માના પૃષ્ઠ ૩૦૪ થી)

એ બધુ નચિકેતાએ યાદ રાખી પાછુ યમરાજાને કહી સભળાવ્યુ આથી યમરાજા પ્રસન્ન થયા અને એ પ્રસન્નતાના બદલામા વધારાનો એક વર આપ્યો કે એ અગ્નિ તારા નામથી પ્રસિદ્ધ થશે

આ નચિકેતા અગ્નિના જ્ઞાન અધ્યયન અને અનુષ્ઠાનવાળો ત્રિણાચિકેત માતા, પિતા અને આચાર્યના સબધથી શિક્ષા પામી યજ્ઞ વેદાધ્યયન અને દાનરૂપ ત્રણે કર્મનો કર્ત્તા થઇ જન્મ મૃત્યુને તરી શોક રહિત થાય છે અને સ્વર્ગમા આનદ પામે છે એમ જણાવી ત્રીજો વર માગવા યમરાજાએ નચિકેતાને કહ્યુ

**નચિકેતા**—કોઇ આત્મા છે એમ કહે છે અને કોઇ આત્મા નથી એમ કહે છે મુએલા મનુષ્યમાં જે સશય છે તેનો નિર્ણય કરો આ હુ ત્રીજો વર માગુ છુ

**યમ**—આ વિષયમા દેવે એ પણ શકા કરેલી છે તે સૂક્ષ્મ હોવાથી સુજ્ઞેય નથી માટે અન્ય વર માગ અને મને રોક નહિ દ્રવ્ય દીર્ઘ આયુષ અને અપ્સરા આદિ ઇચ્છા પ્રમાણે માગ, પણ મરણસબધી પૂછ નહિ

**નચિકેતા**—વિષયો વિનાશી અને ઇન્દ્રિયોનુ તેજ હરવાવાળા છે, વળી ગમે તેટલુ લાબુ આયુષ પણ કાળના પ્રમાણમા અલ્પજ છે માટે મોક્ષસબધી (આત્માના જ્ઞાનના) આ વરસિવાય બીજુ હુ માગનાર નથી

**યમ**—શ્રેય [મોક્ષસાધન] અને પ્રેય [ભોગસાધન] આ બને ભિન્ન છે શ્રેયનુ ગ્રહણ કરનાર પરમ આનદ પામે છે અને પ્રેયનુ ગ્રહણ કરનાર પુરુષાર્થથી હીણ થાય છે શ્રેય વિદ્યારૂપ છે અને પ્રેય અવિદ્યારૂપ છે તને પ્રેયરૂપ ભોગો લલચાવી ન શક્યા અને તેને તે તજી દીધા માટે હે નચિકેતા! તુ વિદ્યા એટલે શ્રેયનો અધિકારી છે

અવિદ્યામા વર્ત્તતા છતા પોતાને બુદ્ધિમાન ને રહિત માનનારા અવિવેકીઓ અનેક ગતિઓને [જન્મ-મરણને] પામે છે તેમના

વડે દોરાતા અજ્ઞાનીઓ આંધળાની પુઠે જતા આંધળાઓની પેઠે દુઃખાનુભવજ કરનારા છે

રમાદી અને અમોહમાં મૂઢ થયેલા અજ્ઞાનીઓને પરલોકપ્રાપ્તિના સાધનો પ્રતીત થતા નથી પરલોક નથી અને માત્ર આ લોકજ છે એમ માનનારા તેઓ વારંવાર મૃત્યુને પામે છે

આત્મા ઘણા પુરુષોવડે સાંભળવામાં પણ આવતો નથી ઘણા જેઓ સાંભળે છે તેઓમાનો મોટો ભાગ સાંભળ્યા છતાં આત્માને જાણી શકતો નથી આત્માનો વક્તા આશ્ચર્યરૂપ [દુર્લભ] છે અને કુશળથી શિક્ષા પામનારો [જ્ઞાતા] પણ આશ્ચર્યરૂપ છે આત્માને પામનારો (ઓળખી અનુભવનારો) કોઈક નિપુણ છે

સર્વનો આત્માજ બ્રહ્મ છે તે બ્રહ્મ સગુણ અને નિર્ગુણ એમ બે પ્રકારનું છે તેનું વાચક અને પ્રતીક ॥ ૐ ॥ છે

॥ ૐ ॥ નું અવલંબન શ્રેષ્ઠ છે અને જાણનાર પૂજ્ય થાય છે

કારણ આત્મા જન્મતો નથી મરતો નથી તે કોઈથી થયો નથી તેમ તેનાથી કોઈ થયું નથી તે સૂક્ષ્મથી અતિ સૂક્ષ્મ છે અને મહાન્થી અતિ મહાન્ છે

નિષ્કામ પુરુષ ઇંદ્રિયાદિના નિર્મળપણાથી આત્માને જોઈ શકે છે અને શોકરહિત થાય છે સ્થિતિરહિત શરીરમાં અશરીરી સ્થિત છે તે સર્વ ધર્મથી રહિત મહાન્ અને વ્યાપક આત્માને જાણીને બુદ્ધિમાન શોક કરતો નથી

વનીય, સત્ય અને આનસત્ય એ પાચ અગ્નિો ઉપાસનારા અને નાચિકેતને ઉપાસનારા પણ એમજ (જીવ અને આત્મને છાયા અને આતપરૂપેજ) કહે છે

કર્મ કરનારના સેતુરૂપ નાચિકેતનો અમે જાણે [આત્મારૂપે] જાણવા ઉપાસવા અમે શક્તિમાન થીએ ભયરહિત તરવા ઇચ્છનારના પારરૂપ પરમ અક્ષર બ્રહ્મને પણ અભેદ રૂપે [આત્માસ્વરૂપે] જાણવા અ ભાવવાને અમે શક્તિમાન થીએ

આત્માને રથનો સ્વામી શરીરને રથ બુદ્ધિને સારથી મનને લગામ ઇંદ્રિયોને અશ્વો અને વિષયોને માર્ગ જાણવા

વિવેકી સારથી [illegible] લગામથી સારા અશ્વોને વશ રાખી શકે છે તેમ વિવેકી બુદ્ધિ મનની એકાગ્રતાવડે ઇંદ્રિયોને વશ રાખી શકે છે અને જન્મ [illegible] તે પદને પામે છે એ પદ વિષ્ણુનું પરમ પદ છે

અવિવેકી સારથી અને [illegible] લગામથી દુષ્ટ અશ્વોને વશ રાખી શકતો નથી તેમ અવિવેકી બુદ્ધિ મનની એકાગ્રતાવિના ઇંદ્રિયોને વશ રાખી શકતી નથી ને જન્મ મરણ [illegible] સંસારમાં [illegible] કરે છે

[illegible] [વિષય સૂક્ષ્મ અને મહાન] વિષયો ઇંદ્રિયોથી પર મન મનથી પર બુદ્ધિ બુદ્ધિથી [illegible] આત્મા [સમષ્ટિ તૈજસ રૂપ હિરણ્યગર્ભ] મહાન આત્માથી પણ અવ્યક્ત (માયા) અને અવ્યક્તથી પર [illegible] એ પુરૂષથી પર કંઇ નથી તે (પુરુષ) સર્વની અવધિ અને સર્વથી શ્રેષ્ઠ ગતિરૂપ છે

આ પુરૂષરૂપ આત્મા સર્વ પ્રાણીમાં રહેલો છતાં ગૂઢપણાને લીધે સર્વને જાણવામાં આવતો નથી એકાગ્ર અને સૂક્ષ્મ બુદ્ધિવડે સૂક્ષ્મ દર્શીઓથીજ તે જાણી શકાય છે

વિવેકી પુરૂષ વાણીને મનમાં [illegible] જ્ઞાન [illegible] બુદ્ધિને [illegible] બુદ્ધિને મહાન્ આત્મામાં [illegible] અને મહાન્ આત્માને શાંત આત્મા (સર્વના અવધિરૂપ [illegible]) [illegible] લીન કરી આત્મરૂપે [illegible] સાક્ષાત્કાર કરે છે

એ આત્મારૂપ બ્રહ્મ શબ્દ સ્પર્શ રૂપ રસ અને ગંધ રહિત નિત્ય અવ્યય અનંત અનાદિ અને [illegible] છે તેને જાણીને મૃત્યુ રહિત થવાય છે

[illegible] પ્રકાશના [illegible] તેના પ્રકાશક અંતર્ગતમાં નહિ જોતાં બાહ્ય જોયા કરે છે અમૃતપણાને ઇચ્છતો કોઇ વિવેકીજ તેનો [ઇંદ્રિયોનો] [illegible] કરી અંતર્ગતમાં જુવે છે

અલ્પ બુદ્ધિવાળા બહારના વિષયોમાંથી જાય છે અને સર્વ ભાગીથી વિસ્તારવાળા મૃત્યુના પાશને પામે છે વિવેકીઓ અચળ અમૃતપણાને જાણીને અહિં અનિત્યો [illegible] નથી

શબ્દ સ્પર્શ રૂપ રસ ગંધ અને [illegible] સ્પર્શ [illegible] જેનાથી [illegible] આત્માજ [illegible] છે તેનેજ [illegible]

સર્વ દશ્યો જોવાય છે એ આત્મારૂપ બ્રહ્મને જાણીને બુદ્ધિમાન શોકરહિત થાય છે

જગતના સ્થૂલ સૂક્ષ્મ અને કારણ રૂપના અભિમાની વિરાટ હિરણ્યગર્ભ અને ઈશ્વર રૂપ તે બ્રહ્મજ છે જગતમાં જે બ્રહ્મ રહ્યું છે તેજ બ્રહ્મ આપણા સ્વસ્વરૂપમાં આત્મારૂપે રહેલું છે અને આપણામાં આત્મારૂપે રહેલું જે બ્રહ્મ છે તેજ જગતમાના બ્રહ્મરૂપ છે તેમાં ભેદ જોનારો જન્મ મરણ પામ્યા કરે છે જેમાં કદાપણ ભેદ નથી તે આ એક અને આત્મારૂપ બ્રહ્મ મનવડેજ જાણવા યોગ્ય છે

ઉંચા દેશમાં વરસેલું જળ નીચા પ્રદેશમાં પૃથક થવાથી જેમ વિનાશ પામે છે તેમ બ્રહ્મ આત્માને પૃથક જોતો પૃથક્તાને પામી જન્મ મરણ પામ્યા કરે છે

જેમ શુદ્ધ જળમાં નાખેલું શુદ્ધ જળ તેવુંજ (શુદ્ધ અને એકરૂપ) રહે છે તેમજ બ્રહ્મ આત્માને શુદ્ધ અને એકરૂપ જાણનાર મુનિનો આત્મા પણ બ્રહ્મરૂપજ રહે છે

અગીઆર દ્વારવાળા આ શરીરરૂપ પુરમાં જન્માદિ ધર્મોથી રહિત નિત્ય વિજ્ઞાનવાળા આત્મારૂપ રાજાનુંજ ધ્યાન કરનાર શોક કરતો નથી ને મુક્ત છતાં મુક્ત થાય છે

એ આત્મા સર્વ શરીરોમાં રહેનારો હોવાથી જગતનો સર્વવ્યાપી એકજ આત્મા છે

પ્રાણ અપાનને ચલાવનાર તેમજ મધ્યમાં સ્થિત વામનરૂપ આત્માનેજ સર્વ દેવો

ઉપાસે છે

આ શરીરમાં રહેનારો જ્યારે શરીરથી બહાર નીકળવાનો થાય છે ત્યારે અહિં (શરીરમાં) શું નિર્મળ થઈ નાશ પામે છે માણસ પ્રાણ-અપાનથી જીવતો નથી પણ તે બન્ને જેમાં રહેલાં છે તેનાવડેજ જીવે છે આજ તે બ્રહ્મ છે

આત્માને નહિ જાણનારો અજ્ઞાની મરણ પામ્યા પછી પોતાનાં કર્મ અને ભાવના અનુસાર વીર્યસાથે ગર્ભમાં પ્રવેશે છે અથવા વૃક્ષાદિરૂપે સ્થાવર ભાવને પામે છે

ઇંદ્રિયો લીન થયા છતાં પણ જાગતો તથા સ્વપ્નને રચતો જે પુરુષ આ આત્મા છે તેજ શુદ્ધ બ્રહ્મ છે તે અવિનાશી અને સર્વનો આધાર છે તેને કોઈપણ ઉલ્લંઘતો નથી

જેમ એક અગ્નિ અને એકજ વાયુ લોકમાં પ્રવેશ પામી રૂપ રૂપ પ્રતિ પ્રતિરૂપ થાય છે અને તેનાથી બહાર પણ રહે છે તેમ સર્વનો અંતરાત્મા સર્વમાં છતાં તેથી બહાર પણ રહે છે અને એક છતાં શરીર શરીરપ્રતિ તેને રૂપ પ્રતિરૂપ પણ થાય છે

સૂર્ય જેમ સર્વ લોકના ચક્ષુ અને બહાર રના દોષોથી લેપાતો નથી તેમ સર્વાન્તરાત્મા લોક દુઃખોથી લેપાતો નથી

જે એકરૂપ નિયંતા અંતરાત્મારૂપ એક રૂપને અનેકરૂપ કરે છે તે શરીરમાં રહેલા છે વળી જે અનિત્યોમાં છતાં નિત્ય છે વિકારી માયિક ગુણોમાં અવિકારી

સ્વરૂપભૂત ચેતન છે અને એક છતાં અ નેકને ભોગો આપે છે તે બુદ્ધિમા સ્થિત છે એવો સાક્ષાત્ અનુભવ કરનારા વિવેકીઓનેજ નિત્ય શાંતિ અને નિત્ય સુખ છે બીજાઓને નહિ

વિદ્વાનો તેને પ્રત્યક્ષ અનુભવી શકે છે તેને ચન્દ્ર સૂર્ય તારા વિદ્યુત અને અગ્નિ પ્રકાશી શકતા નથી એ સર્વ પ્રકાશ આ ત્મા પછીજ ભાસે છે આ બ્રહ્મના પ્રકાશ વડેજ પ્રતીત થાય છે

જેના મૂળ ઊંચે અને શાખાવાળો નાશ કાળથી અગ્રસ્ત થયેલો આ (સંસાર)—અશ્વ ત્થ વૃક્ષ છે તેજ કારણરૂપે શુદ્ધ બ્રહ્મ અવિનાશી છે સર્વ લોકો તેમાં આ શ્રય પામેલા છે તેને કોઈ ઉલ્લંઘી શકતું નથી

સર્વ જગત્ તેમા રહેને પ્રાણ પ્રમાણે ચેષ્ટા કરેછે તે વજ્ર ઉગામેના જેવુ અને મહાન્ ભયરૂપ છે તેના ભયથી અગ્નિ તપે છે સૂર્ય તપે છે ઇન્દ્ર વરસે છે વાયુ વાય છે ને મૃત્યુ ફરે છે

એ બ્રહ્મને શરીર પડ્યા પહેલાંજ જો ન રના સાક્ષાત્કાર થાય તો મુક્તિ મળે છે નહિતો શરીર ધારણ કરવા પડે છે એ થી જ મ મરણના ચક્રમા ભટકવુ થાય છે દર્પણમા જેમ તેમ બુદ્ધિમા જળમા જેમ તેમ ગન્ધર્વલોકમા સ્વપ્નમા જેમ તેમ પિતૃલોકમા અને છાયાતડકાની જેમ બ્રહ્મલોકમા આત્માનુ દર્શન થાય છે

પ્રથમ ઉત્પન્ન થએલી ઇન્દ્રિયોના વિનાશ સ્વભાવને અને તેના ઉત્પત્તિ લયને જાણીને તેમા આત્મભાવ નહિ કરનારો બુદ્ધિમાન શોક કરતો નથી

ઇન્દ્રિયોથી મન મનથી બુદ્ધિ બુદ્ધિથી મહાન આત્મા મહાન્ આત્માથી અવ્યક્ત અ જ્ઞાન અને અજ્ઞાનથી પુરુષ વ્યાપક અને અલિંગ છે તેને (પુરુષને) જાણીને મુક્ત થવાય છે અને અમૃતપણાને પમાય છે

પુરુષને કોઈપણ નેત્રવડે જોતો નથી હૃદયમા સ્થિત ને વિકલ્પરહિત બુદ્ધિ વડે મન સમ્યક્ દર્શનવડેજ જાણી શકાય છે તેને જાણનાર અમર થાય છે

જ્યારે પાંચ જ્ઞાનેન્દ્રિયો મનની સાથે વિ ષયોથી નિવૃત્ત થઇ આત્મામા સ્થિત થાય છે અને બુદ્ધિ ચેષ્ટા કરતી નથી ત્યારે તે અ વસ્થાને પરમગતિ કહે છે એનેજ યોગ પણ કહે છે એ યોગાનુષ્ઠાન રાખવામા પ્રમાદ રહિત રહેવુ જોઇએ

વાણીથી મનથી ચક્ષુથી આ આ ત્મા પ્રાપ્ત કરવાને શક્ય નથી સત્સ્વરૂપ રીતેજ ગ્રહણ કરવા યોગ્ય છે અસદ કહેનારને કોઇ પ્રકારે જાણવામા આવી શકતો નથી

તેવા સદ્ અને તત્ત્વસ્વરૂપ એ બેમા પ્રથમ સદ્ભાવ (સત્ પ્રકાર) વડેજ બાદની સ્વરૂપભૂત તત્ત્વભાવ અનુભવી શકાય છે

બુદ્ધિમા રહેલી કામનાઓ અને બુદ્ધિની ગાંઠો જ્યારે નાશ પામે ત્યારેજ મનુષ્ય મરણ રહિત [illegible] અને બ્રહ્મનેજ મળનારો

પામે છે બીજી નાડીઓદ્વારા તો જન્મ મ રણમા પડે છે

શરીરની મધ્યે અંગુષ્ઠપ્રમાણ હૃદયમા પ્રતીત થનાર અંગુષ્ઠમાત્ર પુરુષ અંતરાત્મા કે જે ભૂત ભવિષ્યનો નિયામક ધૂમરહિત પ્રકાશ તુલ્ય અને જે આજે છે તેજ કાલે રહેનાર છે એને જાણીને રક્ષણ કરવાની ઇચ્છા રહેતી નથી તેને મુંજની સળીની પેઠે ધૈર્યવડે હૃદયથી જે વખતે પૃથક કરે તે વખતેજ બુદ્ધિમાન અમૃત ને શુદ્ધ થાય છે

એ પ્રમાણે યમરાજાપાસેથી બોધ સાંભળી નચિકેતા વિદ્યા અને યોગવિધિને પામી ધર્મ કર્મ તથા મૃત્યુથી રહિત થયો બ્રહ્મને પ્રાપ્ત થયો અન્ય પણ જેમ અધ્યાત્મ જાણે તો તે મૃત્યુરહિત થાય

ફલિતાર્થ —ઉપરના લેખમાથી નીચે પ્રમાણે સાર નીકળે છે

(૧) સત્પુત્ર—[સત્-પુ-ત્ર-સારી રીતે શુદ્ધ રનાર સાધન તે સત્પુત્ર] સત્યાવસ્થાથીજ શ્રદ્ધાવાન ધર્મ કર્મનો હેતુ પૂર્ણ નિ યનો ભિન્ન ભિન્ન થનાર પિતૃ ઋણમા સ્થાપના કરનાર સત્યમાં પ્રેમ રાખનાર પિતાની નિ પ્રિ પ્રસન્નતા તથા સ્નેહને સત્ય માનનાર અને આ લોક પરલોકના ઉત્કૃષ્ટ સુખો સંપા ન કરનાર હોય છે

(૨) ધર્મ ભાવનામા યજ્ઞ દાન વચન પાલન અતિથિનો સત્કાર અને અગ્નિનું ઉપાસન એ મુખ્ય છે યજ્ઞ જગતના ધારણપોષણમાટે દાન આશ્રિતોને સંતોષવા માટે વચનપાલન સર્વ કાર્યની સિદ્ધિ માટે અતિથિનો સત્કાર હિત અને દક્ષિણતી પ્રાપ્તિમાટે અને અગ્નિનું ઉપાસન વિરાટ્પદ પામવામાટે છે

(૩) આત્મદષ્ટિ—એ સર્વ શોકના પાર ને અમૃતત્વને અને નિત્ય શાંતિને અનુભવાવનાર છે તથા ત્યાગી ઇન્દ્રિયોના નિરોધવાળા અંતરાત્માને ધ્યાનારા અને પ્રમાદરહિત વિવેકી જ આત્મદર્શનના અધિકારી છે આત્મા સૂક્ષ્મ વ્યાપક અજન્મા અનાદિ અનંત જ્ઞાનવાન દૃષ્ટ રહનારા અને પરમ ગતિ રૂપ છે ઇતિ શિવમ્

---

# પત્રવ્યવહારથી શીખવાની શોર્ટહેન્ડ પદ્ધતિ

# જનસેવા એજ પ્રભુસેવા



એકોઽહં વહુ સ્યામ્ વાક્ય શ્રુતિનુ વિખ્યાત વિશ્વે રહ્યુ
ને એથી જનરૂપ સૌ ચિતતણી વિરાટ મૂર્તિ બન્યુ
આખા વિશ્વતણા અણુ અણુમહીં ચૈતન્ય વ્યાપી રહ્યુ
ને એ ના પશુ-પક્ષી-માનવમહી અન્વય પે વરયુ ૧

ભિન્ન પ્રભુ માનવી નહીં માનવી પણ પ્રભુ તણુ
જનસેવા એથી અહીં મોઘી માનવ ઠાણુ ૨

જેના દિલે બસ શ્વાસભર જાગે સ્મરણુ જન સેવના,
જેની નસે શોણિત વહે સેવાતણા ધબકારમા
જેની સુમંગલ ભાવના ભાવે સદા જન ભક્તિને
જ્ઞાની પરમ યોગી-મહદ્ પ્રભુભક્ત ગણુ એ વ્યક્તિને ૩

દેખી વિવિધ જન તાપને અશ્રુ ઝરે જે આંખથી
જે જે હૃદય રેંસાય છે હા! ચીસ સુણીને આર્તની
પરદુઃખ દેખી હૃદય જે દુખ ઓઘથી ઉભરાય છે
પ્રભુમય હૃદય એકીજ એ પ્રભુભક્તમા લેખાય છે ૪

જન સેવના અર્થે તજ્યા વૈભવ વિવિધ વિલાસને
જન સેવમા જાગૃત હો ત્યાગો સકલ આરામને
સેવાતણી વેદીપરે બલિદાન દેહ અપાય છે,
એ એવા ઉન્નત જન હા! યોગીમહીં લેખાય છે ૫

સર્વસ્વનો જેણે કર્યો છે ત્યાગ જનસેવામહીં
જનસેવ લાગી સ્વર્ગમા ઇચ્છા નડી રહેના તની
સેવામહીં સાર્થક્ય લગી દેહ પણ બસ હોમી દીધુ
એ શુદ્ધ આત્માએ અહીં સર્વસ્વ છે સાચુ લીધુ ૬

ચુડાધરાલય,
દુધરેજ

વિજયશંકર ત્રિભુવન ત્રિવેદી

# બેહુલા

લેખ —શ્રીયુત ડૉ ભાઈલાલ નરભેરામ અધિકારી–જામનગર

[ અનુસધાન પૃ ૪૨૭ થી ]

જે દેવતા દુખદાન કરે છે કિંવા સાંસારિક સુખદ્વારા ભક્તને પુરસ્કાર આપે છે હુ તેનો સેવક નથી મે વિદ્વપને લીધે મનસાદેવીની ઉપેક્ષા કરી નથી મારી નજરીમાં તેનું કાંઇ પ્રયોજન નથી મને સુખની લાલસા કે દુખનો ભય નથી હુ આત્મ-વસ્તુ છુ-મારો નાશ છજ નહિ ચિત્સ્વરૂપ આનંદમય છુ મારો સોપારીનો બગીચો ગયો કિંવા સાત વહાણ ડુબી ગયા અથવા સાતે બાળ પુત્રો નાશ પામ્યા-તેમાં વિચલિત થયો નથી સમસ્ત પૃથ્વીનુ ઐશ્વર્ય મારાપાસે આવિ નુ જ છે એ મારેજ મે મનસાદેવીને અગ્રાહ્ય કરી છે સંસાર સમુદ્રનુ સમસ્ત હલાહલ મારાપાસે કંઇ લેખામાં નથી એ માટેજ મે મનસાની ઉપેક્ષા કરી છે એ દુખસુખના તરંગો ક્ષણિક તથા મિથ્યા છે હુ નિત્ય વસ્તુની શોધમા રહુ છુ હુ સ્ત્રીઓની પેઠે દેવતાના મંદિરમા જઇ સાંસારિક કોઇ કામના-સિદ્ધિમાટે માનતા લેનાર ધણી નથી સુખમા હુ નિમગ્ન-રૂપ છુ અને દુખમા ક્ષય પામતો નથી વૃદ્ધા તુ મારા હૃદયનું બળ જાણતો નથી એથીજ તુ કહે છે હુ મનસાને આધીન થઇ થઇ તેની સાથે દદ મેળવુ એ દેવતા માથે ચડી હાવી થવા ચાહે છે હુ તેને પૂજા ચડાવીશ નહિ જેઓ તે પૂજાની લાલસા રાખેછે મનસા જે લઇ શકે છે અથવા દઇ શકે છે તેનો હુ ઉપાસક નથી. હૂં શાવા સ્તે તેની પુજા કરૂ ? મારા દેવતા વેના - રતા વગ્રા સ્નજો ઉચા છે હુ તે મારા અ-તરમા અનુભવુ છુ જે લોકો સુખ શોધે છે તેઓ દુખ પામે છે તે કારણને લીધે સુખદુખની કર્તા મનસાની પૂજાની મે મનાઇ કરી છે !!

વૃદ્ધ કહુ મિથ્યાવાન તુ સુખદુખમાંથી પરવારી બેઠો નથી હમણાજ લક્ષ્મી દર તથા બેહુલાના પુનરાગમનથી થયેલ ખુશાલીની તથા આશંકાથી તારૂ હૃદય વિચલિત થાય છે તુ કોઇ રીતે આ મરણ રોકી શકયો નથી

ચાંદ ચમકી ઉઠ્યો વૃદ્ધસામે એકી નજરે જોઇ રહ્યો એ કેવળ સંન્યાસી નથી-એનુ યોગબળ અસાધારણ છે મારો મનો-

ભાવ તે જાણી શક્યો કેવી રીતે? મનમા તેનો નિર્ણય કરવા લાગ્યો

ચાદે કહ્યુ- હુ જનક ઋષિની માફક સસારમા રહી સસારની ચિતામાથી દૂર રહેવા યત્ન કરૂછુ વખતે વખતે સાસારિક સુખદુખનો સ્રોત હૃદયમા આવે એ અનિવાર્ય છે, પણ તેને દૂર રાખવાનો પ્રયત્ન કરવો એજ પુરૂષાર્થ છે

વૃદ્ધે કહ્યુ— તુ જનક ઋષિ બનવા શક્યો નથી જનક ઋષિ તેમ સાસારિક સુખદુખથી હાર્ગી જતા નહિ જ્યારે તેની રાજધાની મિથિલાપુરી અગ્નિમા ભસ્મીભૂત થઇ જતી હતી ત્યારે શુકદેવ રાજર્ષિને નિશ્ચિત ભાવે વાપીતીરે બેઠેલા જોઇ હરખ કતા બોલ્યા "મહારાજા જોતા નથી? અગ્નિમા આપની સમસ્ત પુરી નાશ પામી ગઇ રાજર્ષિ હસી બોલ્યા એ અગ્નિમા મારુ કશુએ નાશ પામતુ નથી તુ શુ એ ભાવે તારા વિપત્તિના દગના હેરી શકો છે? આ સોતાની પરતમા જ્યારે મહાદેવના સ્તોત્રનો પાઠ કર્યો ત્યારે વચમા વચમાં ઉંડો નિસાસો તાણી તાણી તારી છાતી બેઇ ગઇ ઉતરપખનોપખન અનુજળ પાડી તારા હાથમાંના બિલ્વ ગ તથા ધતુર પુષ્પને કન કિંન કર્યા છે મહાદેવ તે ઉપહાર ગ્રહણ કરેન નથી તુ જે નિર્વાણ પદનો પાઠ કરતો હતો- તે ભાવની તુ કેવળ કલ્પના કરે છે, તે નજરૂપે અનુભવી શક્યો નથી એ જેને રવીભૂત કે તેને ત્યાગ સ્વાભાવિક છે તે ત્રખનો નથી, તેને જવાગાની ઉત્પત્તિ થતી નથી તે ઐશ્વર્યના ઢગલાપર બેઠો છતા તેને ચિના-ભસ્મનીમાફક જુએ છે બાહ્ય વૈભવની કશીએ આકર્ષણી શકિત તેને એ થી શક્તી નથી તુ શિવને ઇષ્ટદેવતા માની પૂજા કરતો રહેછે, છતા તેની સહાયતાવિના માવા પાશનુ છેદન કરવા પ્રયાસ કરે છે, તેનાથી પાશની શક્તિ ઉલટી વધારી નાખે છે તુ જો ગર્વિષ્ઠ ન હોત તો મનસાદેવી કોઇ દાડો તારી પૂજા ગ્રહણ કરવા માગત નહિ તારામા અહકાર ભર્યો પડ્યો છે, આ મત્ત ળથી શિવ-માયા-મુક્ત થઇશ એ સ્પર્ધિત પ્રયાસદ્વારા ભોગના દેવતાને આકર્ષે છે એટલામાટેજ તે તને છોડતી નથી તુ તેને પોતાની મેળે બોલાવી પોતાને સમજાવે છે કે હુ તેને ધક્કો મારી કહાડી મૂકી શકીશ તુ શિવ—માયા—સ્વરૂપ મનસાદેવીને સ્વીકારી લે અને તેને પગે પ તોજ તેના અધિકારમાથી મુક્તિ પામીશ રાજસિક ભાવને પ્રાધાન્ય આપી નિર્ગુણ બ્રહ્મમા લીન થવાની કલ્પના વ્યર્થ છે

એ વાત સાભળતા સાભળતા જાણે તેના કાનમા સાત કોટિ વીણાનો નાદ થયો હોય એમ સોદાગરના મનમાં થયુ આત્મબળથી નહિ- અવિનયથી નહિ પણ ભગવત્શક્તિથી તથા પૂર્ણ વિનયથી પોતાનો ચિર માયામાથી ઉદ્ધાર થશે એ વાતથી તેના હૃદયમા અભૂતપૂર્વ સાત્વના વળી તે જે ચિતાની જ્વાળામા જર્જરિત હતો તેમા કોઇએ જાણે અમૃત રેડી દઇ હોલવી નાખી એમ જણાયુ પોતાની મેળે તેના બન્ને હાથ ભક્તિ ભરે યુક્ત થયા પોતાની મેળે તેના ચક્ષુમાથી તરત

અતુભિદુ ઉપહારસ્વરૂપ નિકળવા લાગ્યા પોતાની મેળે ભરભક્તિએ બ ને ઘુટણ નમી પ ચા અને અતિ વિનીતભાવે વૃદ્ધ સામે દૃષ્ટિ નાખી તે વખતે ત્યા વૃદ્ધને ન જોઇ છક બની ગયો—તે સ્થળે જટાજૂટથી શોભતી રજતગિરિજેવી કાંતિવાળી અ ગે ભસ્મ લેપવેલ ફણિના વલય ફણિહાર તથા ફણિ મુકુ સહિત કલકલ ન દ કરતી ગ ગા ની ધારાથી ધોવાતા જટાકલાપે ફણિની વિષધારા શોભિતી વ્યાઘ્ર ચમ દ્વારા ઢકા યેલ કેટે અર્ધેન્દુ વિરાજતા વિશાળ લલાટે તે મૂર્તિ આકાશ રસ્તે દીપી નિકળી સોદા ગરે જોઇ તે ઉપરાત તેણે બીજુ પણ જોયુ હરના ત્રિનેત્ર જ્ઞાનના પ્રભાવે પ્રકાશ આપી રહયા હતા તેની સઘળી કાંતિમા કામનો પરાજય થયો હોય એવા લક્ષણ વિદ્યમાન હતા તેમા રાગ દ્વે ધર્મ અધર્મ પાપ પુણ્યના ચિન્હમાત્ર જણાયા નહિ તે મૂર્તિ જોતાજ સોદાગર પોતે કે ના દીનહીન છે તે જણાયુ મહાદેવના દેહની ચિતાભસ્મથી અધિક સુખ ભસ્મ થઇ ગયાં હતા પરતુ પરમાનદ જાગત લા હતે અને તેના દેહની ર જ અગની મલિનતા માત્ર જણા વતી હતી

સોદાગરને અનુભવ થયો કે મહાદેવના કુ ડપરના ધતૂરાના ફુલમાથી અપૂર્વ સુગધી નિકળી રહી છે — સ્વગ મર્ત્ય કોઇપણ પુષ્પમા તે નથી તેની નિર્મળ ધવળ જ્યો તિમા જગતના બધા પુષ્પોનો વણ હરાઇ જાય છે તેના શરીરમાં વિટાયેલા ત્રિલોકને ત્રાસ પમાડનારા સર્પોના શ દમા જાણે યે ગેશ્વરનો પરમાન ઉભરાઇ જતો હોય— જે અનિત્ય છે તેમા ન ઉત્સ છે એવુ તે શ સૂ ચવતો હોય એમ તેને જણાતું હતું

સોદાગરને જણાયુ કે ચદ્રચૂડે વિશ્વહિત માટે વિષની વિષરાશિ પી છે અને તે ર વિષે તેના કંઠને નીલો રગ આપી મૂક્ય છે તે વિષ સર્પરૂપે તેના સર્વ અગમા વિરા જિત છે અને તેજ તેના કાનપરના ધતૂરા ના ફુલમા જ્યોતિષ્માન છે

એ વિષપણુ નુ મથન કરી જે સુધાની ઉત્પતિ થઇ છે તેજ પાન દમરુના ચદ્રવ ન પર તથા ધતૂર કુસુમની શુભ્રતામા પ્રતિમા પામી રહી છે તેની પ્રીતિ-કુદર દૃષ્ટિ પ તા સમસ્ત જગત મહિમા થી કાશપુરીની શોભા પામી રહ્યુ છે દન દન પરાસ્ત થાય છે અને શાર્દૂલ તથા મેષ સખ્યસૂત્રે બધાય છે

સોદા રે જોયુ-દિગ્ગ ગતે જ્યોતિમયના પે કરીને પ્રકાશે છે તે જ્યોતિજ પુ રુષવરના અબર-સ્વરૂ મેઘમાળાની મા નેરી છટા તથા નિબિડ ગાઢ કૃષ્ણના જાણે તેની છુટી રહી ગયેલ જટાજૂ ની ઘટા દિ દિગ ત વ્યાપી રહી છે અને એજ રૂપ જાણે ક્રમશ જગતની પાછે મગી જતુ ન એમ જોયુ જાણે તે ચિતાભ મ સ સાર અસાર સાબિત કરી નિત્ય સપને કસોટી કરી બતાવતી હોય તેને ગ ગાધારાની મુક્ત વાણી આ દૃશ્યની પેલી પાર કોઇ એક આ નદમય ની વાર્તા જાહેર કરતી હોય એમ સોદાગરને જણાતા તે મુક્તિ રે તે મૂર્તિ સામે એકી ટસે ઘુટણ નમાવી બેસી રહ્યા

અને તેની આખમા આસુ ફ઼ાગી મહાર નિકળ્યા

